સહજ-સત્સંગ

અંક : ૨૫૮ વર્ષ : ૨૨ તંત્રી : માનસિંહભાઈ ચાવડા જૂન - ૨૦૧૦

કૃષ્ણાવતાર

મા મિરાંબિકા

માહેશ્વરી મહાકાલી મહાલક્ષ્મી તથૈવ ચ ।
મહાસરસ્વતી ત્વમેવાસિ ઇતિ મે નિશ્ચિતા મતિઃ ॥

પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

(૧૩ જૂન ૧૯૧૪)

પ્રથમ તો..... તારું જ્ઞાન મેળવવાનું, તારી સાથે એકરૂપ થવાનું અમારે સમજવું જોઈએ અને એ ધ્યેય સિદ્ધ કરવા માટે બધાં જ સાધનો સારાં છે અને તે વાપરી શકાય છે.

જે લોકોને માટે પોતાની મુક્તિ માટેની અહંકાર પ્રધાન અભીપ્સા એ જ માત્ર પ્રેરક તત્ત્વ હોય છે તેઓ સંતોષ પામી જઈ શકે છે અને તારા આવિર્ભાવ માટે કશીએ ખેવના રાખ્યા વિના માત્ર આ મિલનની અંદર તેમ જ એ મિલન માટે જીવન ગાળી શકે છે.

પરંતુ એક વાર તારું જ્ઞાન પ્રાપ્ત થઈ જાય તે પછી તારા આવિર્ભાવનું સારુંયે કામ બાકી રહે છે.

જે વ્યક્તિ તારા આવિર્ભાવની સંપૂર્ણતા પામવા માગતી હોય છે તે તો આટલા માત્રથી સંતુષ્ટ રહી શકતી નથી; તેણે તો સ્વરૂપની સર્વ ભૂમિકાઓ ઉપર, સર્વ અવસ્થાઓની અંદર તારો આવિર્ભાવ કરવાનો રહે છે.

અનુક્રમણિકા

શીર્ષક	પૃષ્ઠ
પ્રાર્થનાઓ અને ધ્યાન (રૂપાંતરનો અર્થ)	૧
દૈનિક જીવનમાં યોગસાધના (૧) (પ્રાર્થના, પૂજા, વાચન)	૪
માતૃવાણી (સાચો નિર્ણય લેવાની પદ્ધતિ)	૮
ગીતાનિબંધો (બે ભૂતસર્ગો)	૧૦
માનવવિકાસ ચક્ર (સ્થૂળ બર્બરતાનો પરાજય આર્થિક બર્બરતાનું આગમન)	૧૪
સાવિત્રી (પ્રશાંતિની ધારણા)	૧૬
યોગ વિષે પત્રો (ચૈત્યપુરુષનું સ્વરૂપ)	૨૦
ભારતીય સંસ્કૃતિના પાયા (પ્રાદેશિક ભાષાનું સાહિત્ય સર્જન)	૨૪
યોગમાર્ગનો સમન્વય (ભૂમિકા - સમન્વય)	૨૮
શ્રી માતાજીનું દિવ્યસ્વરૂપ	૩૦
અરવિન્દોપનિષદ (અજ્ઞાનનું સ્વરૂપ અને નિવારણ)	૩૧
રાષ્ટ્રીય શિક્ષણ (આંતરરાષ્ટ્રીય યુનિ.કેન્દ્ર)	૩૪
સુંદર કથાઓ (સાચા દિલની કિંમત)	૩૭
આગામી-ભાવિ (પ્રભુ આપણા ઉત્તમ મિત્ર)	૩૮
ઉપનિષદોનું અમૃત (અભયદાન)	૩૯
વેદવિજ્ઞાન (વૈદિક કર્મકાંડ)	૪૧
સર્વાંગી આરોગ્ય (સમતુલાની પુનઃ સ્થાપના)	૪૩
પાતંજલ અને પૂર્ણયોગમાં સામ્ય-ભેદ	૪૬
કવરપેજ ૧ ઉપરની સમજૂતી કવરપેજ ૪ ઉપર	

મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું
શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક

સહજ-સત્સંગ
અંક : ૨૫૮ વર્ષ : ૨૨
જૂન - ૨૦૧૦

સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧
મો. ૯૮૨૪૩૭૩૯૨૯

સંપાદન સહાયક મંડળ :
હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર** - મો : **૦૯૪૨૭૨ ૨૨૪૧૫**

મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટને આપેલ અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ રાહતને પાત્ર છે.
કૃપયા મનીઑર્ડરથી અર્પણ મોકલશો નહિ, એકાઉન્ટ પેયી ડ્રાફટ/પોસ્ટલ ઑર્ડરથી
'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ - રાજકોટ' - ના નામે મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.

(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ ટ્રસ્ટ - પોંડિચેરીના કોપીરાઈટ છે.)

ટાઈપ સેટીંગ તથા પ્રિન્ટીંગ **લા ક્રિએટા** - રાજકોટ - ૦૨૮૧ - ૨૪૬૫૦૭૮

રૂપાંતરનો અર્થ

સમજૂતી - માનસિંહ ચાવડા

માતાજી પ્રભુને પ્રાપ્ત કરવા માટે લોકોની બે ભૂમિકાઓ દર્શાવે છે. પ્રથમ લોકો એવા છે જેઓ વ્યક્તિગત મુક્તિ માટે જ સાધના કરી રહ્યાં છે. બીજા, એવા છે જેઓ મુક્તિને એક નવા ઉડાનનો પાયો જ સમજે છે. તેઓ પ્રભુને આંતરિક રીતે પ્રાપ્ત કરીને તેને પોતાનાં મન, પ્રાણ, શરીરનાં ત્રણે કરણો દ્વારા પ્રગટ કરવા ઇચ્છે છે. આ બીજો દૃષ્ટિકોણ એ જ પૂર્ણયોગનું ધ્યેય છે. ગૌતમબુદ્ધ કહેતા કે હાથીના પગલામાં બાકી પ્રાણીઓનાં પગલાં આવી જ જાય છે. તેમ પૂર્ણયોગના ધ્યેયમાં અન્ય પરંપરાગત યોગોના ધ્યેયનો સમાવેશ થઈ જતો હોય છે. આપણો યોગ સમન્વયાત્મક યોગ છે.

પ્રભુના અનંત જ્યોર્તિમય, મહાપ્રકાશ સ્વરૂપને જાણી તેની સાથે એકરૂપ થઈને રહેવું ; પ્રભુના જેવા જ અસીમ, પ્રકાશમય, નિર્લેપ, આનંદમય બની રહેવું; એ આપણી સાધનાનો પ્રથમ તબક્કો છે. આ અવસ્થા પ્રાપ્ત કરવા માટે કોઈ પણ પ્રકારની સાધના પદ્ધતિ જે આપણી પ્રકૃતિને અનુરૂપ હોય તે આપણે જરૂર પૂરતી અપનાવવી જોઈએ અને તે નિરુપયોગી બનતા ત્યાગવી પણ જોઈએ. બધી જ પદ્ધતિઓમાં કાંઈક સત્યાંશ તો છે જ.

એક વખત આ સ્થિતિ પ્રાપ્ત થઈ જાય પછી જેઓને મુક્તિમાં જ રસ હોય છે તેમને કાંઈ કરવાપણું રહેતું નથી. પણ માતાજી જણાવે છે કે ફક્ત અંગત મુક્તિ એ 'અહંકારપ્રધાન અભીપ્સા' છે અને તેથી સર્વોત્કૃષ્ટ તો નથી જ. આવી વ્યક્તિઓ આ પ્રભુ સાથેની મિલનમાં જ જિંદગી પસાર કરે છે અને તે માટે જ જિંદગી આપી છે એમ ગણે છે.

પણ માતાજીની દૃષ્ટિએ આ અવસ્થા પણ અંતિમ નથી. પ્રભુને જીવનમાં આંતરિક રીતે ધારણ કરીને બાહ્ય પ્રકૃતિમાં રૂપાંતર કર્યા વગર પ્રભુને તે વિકૃત પ્રકૃતિ દ્વારા કઢંગી રીતે પ્રગટ કરવા એ કાંઈ પૂર્ણતા ન જ કહેવાય - પ્રભુને તેમનાં મૂળ અને શુદ્ધ સ્વરૂપે જ પ્રગટ કરવાનું કાર્ય બાકી જ છે, એમ માતાજી જણાવે છે.

માતાજી તેથી જણાવે છે કે જેમને આ વિશાળ જીવન - ધ્યેય યોગ્ય લાગતું હોય તેમણે પ્રભુને પૂર્ણ, કાયમી અને શુદ્ધસ્વરૂપે પ્રગટ કરવાની સાધના આગળ વધારવી જરૂરી છે. તેના સ્વરૂપનાં બધાં જ તત્ત્વોમાં તેણે પ્રભુના પ્રકાશને ધારણ કરવો પડશે. તે પ્રકાશમાંથી આવતી આંતરપ્રેરણાને અનુરૂપ જ વિચારો, ભાવનાઓ, કર્મો દ્વારા પણ પ્રભુને તે જ રીતે પ્રગટ કરવા પડશે.

આપણા સ્વરૂપનાં ત્રણ તત્ત્વો છે - મન, પ્રાણ, શરીર. મન દ્વારા વિચારો, પ્રાણ દ્વારા ભાવનાઓ અને શરીર દ્વારા કર્મો પ્રગટ થતાં હોય છે. આ ત્રણે તત્ત્વોને તેમના સ્વરૂપમાં અને તેમના કાર્યમાં પ્રભુના પ્રકાશને ધારણ કરતાં અને પ્રગટ કરતાં કરવાં પડશે. શ્રી અરવિન્દ તત્ત્વોની અસ્થિતિને જ 'રૂપાંતર' કહે છે.

દૈનિક જીવનમાં યોગ (૨)

- જ્યોતિબેન થાનકી

(પ્રાર્થના, પૂજા, વાચન)

દૈનિક જીવનમાં આપણે આપણી રીતે ભગવાનની પૂજા - સ્તુતિ - આરાધના તો કરતાં હોઈએ છીએ. દરરોજ સવારે નિયમિત પૂજા - પાઠ, આરતી-ભોગ વગેરે ધાર્મિક ક્રિયાઓ અને વિશિષ્ટ દિવસોએ ધાર્મિક અનુષ્ઠાનો, યજ્ઞ - યાગ વગેરે પણ કરતાં હોઈએ છીએ. આ બધાંનો યોગ સાથે કાંઈ સંબંધ ખરો ? ધાર્મિક જીવન અને આધ્યાત્મિક જીવન વચ્ચે તફાવત છે. ધાર્મિક જીવન એટલે ધર્મને અનુસરીને જીવાતું જીવન. જ્યારે આધ્યાત્મિક જીવન એટલે આત્માને અનુસરીને જીવાતું જીવન. ધર્મનું અંતિમ લક્ષ્ય તો પરમાત્માની પ્રાપ્તિનું જ છે, પરંતુ ધર્મના સિદ્ધાંતોનું માત્ર બાહ્ય રીતે પાલન કરવાથી આધ્યાત્મિક જીવન જીવાતું નથી. જીવનભર ધર્મના સિદ્ધાંતોનું પાલન કરવા છતાં આત્માની પ્રાપ્તિ થઈ ન હોય એવાં અનેક દૃષ્ટાંતો જોવાં મળે છે. આમ તો પરમાત્માની પ્રાપ્તિ કરી એ માર્ગને એમના અનુયાયી શિષ્યોએ વ્યવસ્થિત રૂપે કંડાર્યો એ બન્યો ધર્મ. આમ ધર્મનાં મૂળ પાયામાં તો તેના આદિપુરુષનું સત્યદર્શન - સાક્ષાત્કાર જ રહેલો હોય છે. પણ પછી આ જ પદ્ધતિ સાચી, અને તેનું ચુસ્તપણે પાલન કરવાના, અનુયાયીઓના દુરાગ્રહને પરિણામે - ધર્મ અને સંપ્રદાય જડ બની જાય છે. તેમાંનું આંતરસત્ય ચાલ્યું જાય છે અને રહી જાય છે, માત્ર બાહ્યનીતિ નિયમો અને ક્રિયાઓ. આથી ધર્મનાં નિયમોનું ચુસ્ત પાલન કરવા છતાં સાક્ષાત્કાર થતો નથી. જ્યારે યોગસાધનામાં તો પોતાની અંદર રહેલા પરમાત્મા સાથે એકરૂપતા પ્રાપ્ત કરવાની છે. એમાં કોઈ નિશ્ચિત નિયમો કે આચારસંહિતા નથી હોતી. દરેક વ્યક્તિએ પોતાની પ્રકૃતિને અનુરૂપ આચારસંહિતા બનાવીને સાધના કરવાની રહે છે. પછી તે ધ્યાન, ભક્તિ કે કર્મ કે બધાંના સમન્વયથી ગમે તે માર્ગે પણ આત્માનો સાક્ષાત્કાર કરવાનો છે એ પછી જે જીવન જીવાય છે, એ જ સાચું આધ્યાત્મિક જીવન છે.

યોગસાધનામાં પ્રાર્થના, પૂજાપાઠને સ્થાન ખરું ?

દૈનિક જીવનમાં મોટેભાગે પૂજા, પાઠ, પ્રાર્થના, સ્તુતિ સ્તવનો રોજેરોજ નિયમાનુસાર કરવામાં આવતાં હોય છે. પણ પછી તે યાંત્રિક ક્રિયા બની જાય છે. જેમ ટેવ અનુસાર બીજાં કાર્યો કરવામાં આવતાં હોય, એ જ રીતે આ પણ એક કાર્યની જેમ

પૂરું કરવામાં આવતું હોય છે. એ આત્મામાંથી ઊઠતી જીવંત પ્રાર્થના હોતી નથી. ભગવાન માટેનો ઊંડો પ્રેમભાવ પણ તેમાં હોતો નથી. આવી યંત્રવત્ થતી ક્રિયાઓ અને પૂજાપાઠથી સાધનામાં આગળ વધી શકાતું નથી. આ સંદર્ભમાં શ્રી માતાજીએ જણાવ્યું હતું કે, ''પ્રાર્થના, પૂજા યંત્રવત્ થતી હોય છે. તેનો કોઈ અર્થ નથી. સામાન્ય રીતે તેનું એક પરિણામ એ આવે છે કે જે વ્યક્તિ પ્રાર્થના કરતી હોય છે, તેને શાંતિ પ્રાપ્ત થાય છે, કેમ કે, કોઈ પણ પ્રાર્થનાનો જો એકવાર પાઠ કરવામાં આવે તો એના શબ્દોને કારણે પ્રાર્થના કરનારને શાંતિ મળે છે.'' આમ શાંતિ જરૂર મળે પણ પ્રકૃતિને બદલવામાં યંત્રવત્ પ્રાર્થનાથી પરિણામ આવતું નથી. એના માટે તો હૃદયમાંથી નીકળતી અને પ્રભુ પ્રત્યે સીધી ઊંચે જતી અભીપ્સાની જરૂર છે.

ઘણા માણસો નિયમિત મંદિરમાં દર્શન કરવા જતા હોય છે, અને મનોમન શ્લોકો કે નક્કી કરેલી પ્રાર્થના મૂર્તિસમક્ષ બોલી દેતા હોય છે અને પછી સંતોષ માની લે છે કે અમે ભગવાનને પ્રાર્થના કરી લીધી, પણ આવી પ્રાર્થના અંતરના ઊંડાણમાંથી આવેલી હોતી નથી, અને તેથી માનસિક સંતોષ સિવાય એનું કશું પરિણામ મળતું નથી. અંતરના ઊંડાણમાંથી પ્રાર્થના ઉદ્ભવી હોય, પછી એ શબ્દરૂપે હોય કે જ્વાલારૂપે; એવી સાચી પ્રાર્થનાનો પ્રભુ જરૂર પ્રત્યુત્તર આપે છે. શ્રી માતાજી કહે છે કે ''એવી એક પણ પ્રાર્થના નથી કે જેનો ઉત્તર ન મળે, એવી એક પણ અભીપ્સા નથી કે જે સાક્ષાત્કાર ન પામે'' પરંતુ એ સાચા હૃદયથી થવી જોઈએ.

પુસ્તકોનું વાચન સાધનામાં સહાયરૂપ બને ખરું?

સામાન્ય રીતે સાધનાના પ્રારંભમાં સમસ્યાઓના સમાધાન માટે, મનને તૈયાર કરવા માટે ગુરુનું પ્રત્યક્ષ માર્ગદર્શન હોય તો બહુ ઝડપથી આગળ વધી શકાય છે. પણ જો પ્રત્યક્ષ માર્ગદર્શન ન હોય તો તેમનું પરોક્ષ - માર્ગદર્શન પુસ્તકો દ્વારા મેળવી શકાય છે. પુસ્તકો દ્વારા સમસ્યાઓનું સમાધાન મળી જાય છે. માર્ગની દિશા સ્પષ્ટ થઈ જતાં સાધના ઝડપી બની શકે છે. પરંતુ સાથે સાથે કેટલાંક પુસ્તકો એવાં પણ હોય છે કે જે મનને ગૂંચવી નાંખે છે. સમસ્યાઓ હલ કરવાને બદલે મનમાં અનેક પ્રકારની સમસ્યાઓ સર્જે છે. આવાં પુસ્તકો વિષે શ્રી માતાજી કહે છે કે,''કેટલાંક પુસ્તકોનાં વાચનથી થાક લાગતો હોય છે, કેટલાંક પુસ્તકો આરામ આપતાં હોય છે. પણ અવચેતના દરેક વસ્તુની નોંધ લેતી રહે છે. તમે એમ માનતા હો કે સામાન્ય પુસ્તકોનાં વાચન પછી તમને કોઈ જ અસર થતી નથી તો તેનો અર્થ એ કે તમારી અંદર જે કાંઈ બની રહ્યું છે, એનાથી તમે સભાન નથી. હલકા પ્રકારનાં પુસ્તકોનું વાચન તમારી ચેતનાને ઉપર ચઢતાં અટકાવે છે. આવું વાચન તમારા અવચેતન ભાગને વિશુદ્ધ કરવા

જે પ્રયત્ન કર્યો છે, એના ઉપર ગંદા પાણીની ડોલ ઠાલવવાનું કામ કરે છે.'' આવી હલકા વાચનની ગંદા પાણીની ડોલથી સ્વચ્છ મનને ક્યારેય ખરડાવા દેવું જોઈએ નહીં. સાધનાના પ્રારંભમાં તો વાચન, વાતચીત વગેરે અંગે ખાસ સાવધાની રાખવી જોઈએ, કેમ કે જ્યારે જ્યારે આપણે પુસ્તકો વાંચીએ છીએ ત્યારે ફક્ત શબ્દો જ વાંચતા નથી, પણ એ શબ્દો દ્વારા લેખકની ચેતના સાથે જોડાતાં હોઈએ છીએ. જો લેખકની ચેતનાએ નિમ્નભૂમિકામાં રહીને સર્જન કર્યું હોય તો તે પુસ્તક આપણને ઊંચે લઈ જવાને બદલે નીચે લઈ જાય છે. ઘણી વખત એવું પણ બને છે કે ઉત્કૃષ્ટ કોટિના લેખકો અને કલાકારોનું વર્તન ઘરમાં અસહ્ય બની જતું હોય છે. એમની વિકૃતિઓ ઘરના વાતાવરણમાં પૂરેપૂરી પ્રગટ થવા લાગે છે. આ વિકૃતિઓની અસર જાણ્યે-અજાણ્યે પણ તેમના સર્જનમાં પ્રગટ થતી હોય છે અને તે વાચકોની ચેતનામાં ફેંકાતી રહે છે. પરિણામે વાચકોનું ચિત્ત ક્ષુભિત થઈ જાય છે. વળી ઘણાં લોકોને વિકૃત અને કુરૂપ લખવામાં એક જાતનો આનંદ આવતો હોય છે. આ સંદર્ભમાં શ્રી માતાજી કહે છે : ''આવાં લખાણો એવું બતાવી આપે છે કે એમના લેખકો આત્મામાં અત્યંત દરિદ્ર છે. કોઈ નાટકીય ઢબની કે મહાવિપત્તિની અંદર અંત પામતી હોય તેવી વાર્તા લખવા કરતાં આદિથી અંત સુધી સુંદર હોય એવી વાર્તા કહેવી એ ખૂબ જ અઘરું કામ છે.'' આથી સાધનાના પ્રારંભમાં પુસ્તકો જો વાંચવા હોય તો ચેતનાને ઊંચે લઈ જાય તેવાં જ પુસ્તકો વાંચવા જોઈએ. શ્રી માતાજી કહે છે કે, ''તમારે અર્થહીન, કચરા જેવી વસ્તુઓનું વાચન કરવું જોઈએ નહીં. ફક્ત મનોરંજન માટે કે પછી માનસિક મદ્યપાન જેવી ઉપરછલ્લી બુદ્ધિપ્રધાન જિજ્ઞાસાને તૃપ્ત કરવા વાચન કરવું જોઈએ નહીં. એકવાર તમે ઊંચામાં ઊંચી ચેતનામાં સ્થાપિત થઈ જાઓ ત્યારપછી તમે કંઈપણ વાંચો નહીં, અથવા દરેક વસ્તુ વાંચો એનાથી કંઈ ફેર પડતો નથી.''

ગહન પુસ્તકો સમજાતાં નથી તો શું કરવું?

ઘણીવખત એવું બને છે કે યોગસાધનાનું કોઈ પુસ્તક આપણે વાંચવા પ્રયત્ન કરીએ, તો તે સમજાતું નથી. આપણું માથું ફરવા લાગે છે. આપણને એ પુસ્તક મૂકી દેવાની ઇચ્છા થાય છે અને ઘણીવાર તો આપણે એ પુસ્તક વાંચવાનું જ છોડી દઈએ છીએ. તો આવી સ્થિતિમાં શું કરવું જોઈએ ? શ્રી માતાજી કહે છે કે, ''પુસ્તક અઘરું હોય, ન સમજાતું હોય, કંઈ મેળ બેસતો ન હોય, ત્યારે તમે એ પુસ્તક એકવાર વાંચો, બે વાર વાંચો, ત્રણવાર વાંચો. પછી મનને શાંત અને નીરવ કરી દો અને એ પુસ્તક પણ મૂકી દો. પંદર દિવસ પછી ફરીથી વાંચો, તમને તેમાં જે અઘરું લાગતું હતું તે ફરીથી વાંચો, તમને સમજાઈ જશે કેમ કે એ સમજવા માટે તમારી અંદર જે તત્ત્વો ખૂટતાં હતાં,

તેની તમારા મગજમાં રચના થઈ ગઈ હોય છે.'' ગહન પુસ્તક વાંચવા માટે મનની નીરવતા અનિવાર્ય છે. કૂદાકૂદ કરતાં બાહ્ય મનથી એ સમજી શકાતાં નથી. એમાં તો લેખકની ચેતના સાથે એકરૂપ થવું પડે છે, ત્યારે એ ગહનજ્ઞાન મનમાંથી નહીં પણ સૂક્ષ્મહૃદય દ્વારા સમજાય છે. શ્રી અરવિન્દના મહાકાવ્ય 'સાવિત્રી'ને કઈ રીતે વાંચવું, એ અંગે શિષ્યને માર્ગદર્શન આપતાં શ્રી માતાજીએ જણાવ્યું હતું કે,'' સાવિત્રી મન અને બુદ્ધિથી અગ્રાહ્ય છે. મન અને બુદ્ધિથી તેને સમજવાનો પ્રયત્ન ન કરવો. શબ્દોની અભિવ્યક્તિની પેલેપાર આત્માના ઊંડાણમાં સાવિત્રીને પ્રગટ થવા દેવી, તો જ તેના રહસ્યો અંતરમાં પ્રગટ થશે.'' ગહન પુસ્તકો, શાંતિ અને નીરવતામાં અનુભૂતિ દ્વારા હૃદયથી સમજાય છે.

સાધનામાં પુસ્તકો દ્વારા માર્ગદર્શન મળી શકે ખરું ?

આ સંદર્ભમાં શ્રી માતાજી કહે છે કે,'' જે લોકો હજી શોધ કરે છે, ફાંફાં મારે છે, જેમને પૂરેપૂરી ખાતરી નથી, જેમને જીવનમાં બીજી ઘણીબધી વસ્તુઓમાં રસ છે, જેઓ સ્થિર નથી. આત્મસાક્ષાત્કારના સંકલ્પમાં અચલ નથી, તેમના માટે વાંચવું બહુ સારું છે, કેમ કે, વાચન તેમને તે વિષય સાથે સંપર્કમાં મૂકી દે છે અને પછી તેમનામાં એ માટેનો રસ જાગૃત થાય છે.'' આ રીતે પ્રારંભમાં સાધનામાં માર્ગદશક પુસ્તકો જરૂર ઉપયોગી નીવડે છે. પણ એમાં ય પુસ્તકોની પસંદગી બાબતમાં પૂરી સાવધાની રાખવી જોઈએ. શ્રી માતાજી કહે છે કે, ''જે વાચન યોગસાધનાને સહાય કરે, અથવા એ કાર્ય માટે ઉપયોગી થાય, ભગવાનના હેતુઓને સિદ્ધ કરવા માટે શક્તિઓનો વિકાસ કરી આપે તેવું વાચન કરવું જોઈએ. ફક્ત મનોરંજન માટે કચરા જેવી વસ્તુઓનું વાચન કરવું જોઈએ નહીં.''

પરંતુ આધ્યાત્મિક પુસ્તકોનાં વાચનમાત્રથી કંઈ સાધના સિદ્ધ થઈ જતી નથી. પુસ્તકોનાં માત્ર વાચનથી આંતરિક મુશ્કેલીઓ ઉપર વિજય મેળવી શકાતો નથી. પણ પુસ્તક વાંચ્યા પછી મનન, ચિંતન અને આચરણ કરવું જોઈએ. આ સંદર્ભમાં સ્વામી વિવેકાનંદ કહે છે, '' જેમણે પુસ્તકાલય ભરીને પુસ્તકો વાંચ્યા છે, એમના કરતાં જેમણે માત્ર પાંચ જ વિચારોને ગ્રહણ કરી તેના ઉપર પોતાના જીવનનું ઘડતર કર્યું છે, એ વ્યક્તિ વધારે મહાન છે. પુસ્તકો વાંચવાથી નહીં પણ તેમાનાં વિચારોના અમલથી જીવન ઊર્ધ્વગામી બને છે. એ માટે સભાનપણે પ્રયત્નો કરવા જરૂરી છે.''

આ રીતે દૈનંદિન જીવનમાં સાધકને ઉદ્ભવતી સમસ્યાઓ અંગે શ્રી અરવિન્દ અને શ્રી માતાજીએ ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપ્યું છે. તેના પરિણામે કષ્ટસાધ્ય સાધના હવે ખૂબ જ સહજ અને સરળ બની ગઈ છે.

માતૃવાણી

- શ્રી માતાજી

સાચો નિર્ણય લેવાની પદ્ધતિ

અવતરણો

(માતૃવાણી - ૪, પૃ.૧૫-૧૭)

૧ મગજની આ જે 'સમજવાની ક્રિયા' છે તે લાગણીઓની અસર હેઠળ રહેતી હોય છે..... તેને લીધે..... મગજનો જવાબ ખોટો થઈ જતો હોય છે. પૃ.૧૫

૨ આમાં કેટલીકવાર નૈતિક વિચારો પણ ભળી જતા હોય છે અને નિર્ણયને ખોટો બનાવી દેતા હોય છે. પૃ.૧૬

૩ વસ્તુગત રીતે જોવું એટલે આપણા પોતાના તરફથી કાંઈ પણ ઉમેર્યા વિના (જોવું) પૃ.૧૭

૪ આ 'સંપૂર્ણ કરેલું યંત્ર' એક જીવંત ચેતનાની સ્પષ્ટ દૃષ્ટિ વિના કાંઈ જ કરી શકતું નથી. ચેતના જ્યારે એક અદ્વૈતરૂપ બની ગએલી હોય છે, ત્યારે તમે તાદાત્મ્ય દ્વારા જ્ઞાન મેળવી શકો છો.પૃ.૧૭

૫ વિકૃતિ અને અસત્ય આવી જાય છે તેનું કારણ પણ પરિણામો વિષેની તમારામાં રહેલી ચિંતાની લાગણી હોય છે.પૃ.૧૭

૬ તમે તમારા પોતાના માટે એ નિયમ કરી લેવો જોઈએ કે તમારે પોતે જ કાંઈ વસ્તુ કરવાની જરૂર હોય તે જ વસ્તુ હંમેશા કરવી... પૃ.૧૭

સમજૂતી - માનસિંહ ચાવડા

માતાજી નવેમ્બર - ૧૯૪૯ના બુલેટિનમાંનો સાચો નિર્ણય લેખમાંનો એક અંશ વાંચે છે :

''જે માણસ રાગ અને દ્વેષથી પર હોય છે, ઈચ્છાઓ અને પસંદગીથી પર હોય છે : તે જ વસ્તુઓને સંપૂર્ણ રીતની તટસ્થતાથી જોઈ શકે છે. વસ્તુઓને જોનારી ઈન્દ્રિયો..... અત્યંત નાજુક અને સંપૂર્ણ કરેલા યંત્રની માફક વસ્તુગત રીતે જોવાની ક્રિયા કરે છે..... અને તેમાં પછી એક જીવતી ચેતનાની દૃષ્ટિ ઉમેરાય છે.''

વસ્તુગત રીતે જોએલું દર્શન એટલે આપણા પોતા તરફથી કાંઈ પણ ઉમેર્યા કે ઘટાડ્યા વગર, અંગત પ્રત્યાઘાતમાંથી મુક્ત રહીને, અંગત લાગણીઓનું મિશ્રણ

થયા દીધા વિના વસ્તુને જોતાં શીખવું.

આપણી ઈન્દ્રિયો ખૂબ જ વિકસિત સૂક્ષ્મ યંત્રો છે, જે વિવિધ સંવેદનોને ગ્રહણ કરે છે. આંખો દૃષ્ટિ સંવેદનોને, કાન ધ્વનિ-સંવેદનોને, ત્વચા ગંધ-સંવેદનોને , જીભ આસ્વાદ-સંવેદનોને, ત્વચા સ્પર્શ સંવેદનોને ગ્રહણ કરે છે. આ મગજનાં જુદાં જુદાં કેન્દ્રમાં પહોંચે છે. પછી મગજમાંનું મન આ બધાંને એકત્ર કરીને ગોઠવે છે. તે ગોઠવણીમાં મનની પસંદગી, નાપસંદગી પ્રવેશી જાય છે અથવા તેની મહત્ત્વની, બિનમહત્ત્વની છાપ પ્રવેશી જાય છે, તેથી તે જ્યારે બધાંનું સંયોજન કરે ત્યારે દરેકની પોતાની પ્રકૃતિ અનુસાર વ્યક્તિગત પ્રભાવ નીચે તેની માનસપ્રતિમા રચાય છે. આ રીતે વ્યક્તિગત અંશ ઉમેરાય છે. આને કારણે બુદ્ધિ નિર્ણય લેતી વખતે ખોટો નિર્ણય લે છે. આવી રીતે વસ્તુનિષ્ઠ અને વ્યક્તિનિષ્ઠ તત્ત્વોનાં મિશ્રણની અસર નીચે આપણી જ્ઞાન-પ્રક્રિયા શરૂ થતી હોય છે.

મન જે વ્યક્તિગત તત્ત્વ ઉમેરે છે તેનું કારણ તેનો સંબંધ ચિત્ત સાથે હોય છે. ચિત્તમાં જન્મોજન્મનાં ભૂતકાળનાં સંસ્કારો ભંડારાયેલાં હોય છે. મનના સંપર્કને કારણે તે ઈન્દ્રિયોનાં સંવેદનોના પ્રત્યાઘાત તરીકે તેને સંબંધિત જે ભૂતકાળના સંસ્કારો સ્મૃતિ તરીકે જાગૃત કરી દે છે તે જ મન ઉપર અસર કરીને વ્યક્તિગત અંશનો ઉમેરો કરતા હોય છે.

માતાજી આ મિશ્રણનો દાખલો આપે છે. એક જ અકસ્માત દસ વ્યક્તિએ જોયો હોવા છતાં તેમનાં મન ઉપર પડેલી છાપો તદ્દન જુદાજુદા પ્રકારની જણાય છે. એ તેમના આપેલા અકસ્માતના વર્ણન ઉપરથી સ્પષ્ટ દેખાય છે.

આ વ્યક્તિગત ઉમેરો નીચેના કારણે થાય છે :

૧ ચિત્તની સ્મૃતિના પરિણામે નૈતિક કલ્પનાઓ જે અપેક્ષા કે પૂર્વગ્રહ સર્જે છે તે વસ્તુનિષ્ઠ ચિત્ર ઉપસવા દેતા નથી.

૨ ચિંતાની લાગણી મનમાં હોય તો તેના પરિણામસ્વરૂપે મનની એકાગ્રતા ઘટીને તેનું કાર્ય બગડે છે.

૩ મન થાકેલું હોય તો તેના પરિણામસ્વરૂપ પણ ઉપર મુજબની ઘટના બને છે.

૪ જાણ્યા પછી તેનું પરિણામ મેળવવાની ઉતાવળથી મન મહત્ત્વનાં પાસાં ધ્યાનમાં લીધાં વગર સંવેદનોનું ગઠન કરી નાંખે છે અને ભૂલ કરે છે.

તેથી બુદ્ધિ પૂરેપૂરા વિશ્વસનીય જ્ઞાનનું સાધન થવું શક્ય નથી. પણ બુદ્ધિથી શ્રેષ્ઠ એવું એક સાધન નિસર્ગે માનવને આપ્યું છે અને તે છે - સહજ પ્રજ્ઞા.

મનની - ચેતનામાં પોતાની ઉપર જ એકાગ્રતા સ્થિર થતાં ધીમે ધીમે માણસની

(પૃ.૪૫ ઉપર)

ગીતાનિબંધો

- શ્રી અરવિંદ

બે ભૂતસર્ગો (દેવ અને અસુર)

(પૃ.૫૫૦-૫૬૫)

અવતરણો - પ્રકરણ - ૧૭

૧ મુક્ત માણસ ત્રણે ગુણોથી પર (ત્રિગુણાતીત) અથવા ત્રણે ગુણો વિનાનો (નિસ્ત્રૈગુણ્ય) હોવો જોઈએ. પૃ.૫૫૧

૨ પ્રકૃતિનાં કર્મોનો અને ધર્મોનો સ્વામી પરમેશ્વર છે..... તે પોતે ગુણોની યાંત્રિકતાથી પર છે..... પરંતુ..... હમેશા એ ગુણો દ્વારા કર્મો કરે છે. પૃ.૫૫૧

૩ ખરેખર સંચાલક શક્તિ એક દિવ્ય આધ્યાત્મિક સંકલ્પ શક્તિ છે. પૃ.૫૫૨

૪ સઘળું પુરુષોત્તમની ઉચ્ચતર આધ્યાત્મિક આત્મશક્તિમાંથી જન્મે છે. પૃ.૫૫૨

૫ મુક્તાત્માની સ્થિરતા એશઆરામ, અશક્તિ, લાગણી-શૂન્યતા, ભાવની અશક્તિ કે જડતારૂપ નથી હોતી. એ સ્થિરતા અમર શક્તિથી સંપન્ન હોય . પૃ.૫૫૫

૬ સત્ત્વગુણનો એટલો વિકાસ કરવો જોઈએ કે તે પોતે પોતાનાથી પર થઈ જઈ શકે. પૃ.૫૫૭

૭ પરાપ્રકૃતિ અને અધોપ્રકૃતિ બેની વચ્ચે સત્ત્વગુણ..... મધ્યસ્થ છે. પૃ.૫૫૮

૮ (ગીતા) આ બે પ્રકારનાં (દેવ-અસુર) સત્વો ''દ્વૌ ભૂતોસર્ગો'' - (૧૬-૬) વચ્ચેનાં ભેદનો વિસ્તાર કરે છે.

૯ દૈવી સંપત્તિ માનવને વિમોક્ષાય (૧૬.૫) મુક્તિ પ્રાપ્ત કરવા પ્રેરે છે (પૃ.૫૬૧) આસુરી પ્રકૃતિનો માણસ ઉગ્ર હિંસક કર્મનું કરણ કે કેન્દ્ર હોય છે. પૃ.૫૬૨)

૧૦ ગીતા બીજું સત્ય ઉચ્ચારે છે..... દુષ્કર્મી જે ક્ષણે પોતાની અંદર રહેલા પ્રભુની ભક્તિ કરવા પ્રેરાય છે..... તે જ ક્ષણે તે બચી જાય છે. પૃ.૫૬૩-૫૬૪

૧૧ લોભ, ક્રોધ અને લોભ..... નર્કનાં એ ત્રિવિધ દ્વાર છે. પૃ.૫૬૪

૧૨ શાસ્ત્ર એ સાધન છે, સાધ્ય નથી. પૃ.૫૬૫

સમજૂતી - માનસિંહ ચાવડા

મુક્તાત્મા જે કાર્ય કરે છે તે કાર્યના હેતુ ઉપર ત્રિગુણો પરિણામ કરી શકતાં નથી. કદાચ તે કાર્યના બાહ્ય-સ્વરૂપને ઘાટ આપવામાં સફળ થાય. પ્રભુ પણ વાસ્તવિક-સ્થિતિને ધક્કો લગાડ્યા વગર કોઈની પણ સમતુલા બગાડ્યા વગર જ કામ કરે છે. તે ચમત્કારો સર્જતા નથી, પણ વિકાસની, ઉત્ક્રાંતિની પ્રક્રિયાને આગળ ધપાવે છે. આ જે કર્મના મૂળ દિવ્યહેતુ બાબતની ત્રિગુણોની નિષ્પરિણામતા છે તેને જ 'ત્રિગુણાતીત' અવસ્થા અથવા 'નિસ્ત્રૈગુણ્ય' અવસ્થા કહેવાય છે.

મુક્તાત્મા તેમનો પરિણામ પોતાની આત્મસ્થિતિ ઉપર જરા પણ થવા દેતો નથી, તે અર્થમાં તે ગુણાતીત અથવા નિસ્ત્રૈગુણ્ય હોય છે. તે પોતે ત્રિગુણોનો ઉપયોગ પ્રભુના કાર્ય માટે કરી લે છે. ત્રિગુણો સાધન બની જાય છે. તે કહ્યાગરા ચાકર બની જાય છે, હુકુમશાહ માલિક નહિ.

પણ મુક્તાત્માનાં બાહ્ય-જીવનમાં તે ત્રિગુણો પોતાના સ્વભાવાનુસાર વર્તે છે. 'ગુણા ગુણેષુ વર્તન્તે' એ ભાવ રાખી મુક્તાત્મા ગ્લાનિ અનુભવતો નથી. પ્રકૃતિ સ્વભાવ સમજી તે બાબત નિર્લેપ કે નિરપેક્ષ બની જાય છે. ગુણોની યાંત્રિકતાથી તે પર રહે છે. આ વાસ્તવિકતા જોઈને જ ગીતા જણાવે છે કે 'સર્વથા વર્તમાનોડપિ સ યોગી મયિ વર્તતે' (૬.૩૧)

આ જગત પ્રકૃતિનાં ત્રિગુણોના પ્રભાવ તળે ચાલી રહ્યું છે એમ ઉપરછલ્લું લાગવા છતાં વાસ્તવિકતા તેવી નથી. જગતની સંચાલન-શક્તિ તો પ્રભુએ કરેલો સંકલ્પ જ છે.

પ્રભુના સંકલ્પમાં જ એવું કાંઈ છે જે ત્રિગુણોને જન્મ આપે છે. બધું જ પ્રભુમાંથી જ પ્રગટ થઈ રહ્યું છે. 'મત્તઃ પ્રવર્તતે' (૧૦.૮) પ્રભુના સંકલ્પ વગર કોઈ વસ્તુ અસ્તિત્ત્વમાં આવી શકતી નથી અને ટકી પણ શકતી નથી. નાશ પામી શકતી નથી. પુરુષોત્તમની ઉચ્ચત્તમ આધ્યાત્મિકતામાંથી જ બધું આવિર્ભાવ પામ્યું છે. તો પછી આપણને તેવું જ અનુભવાતું કેમ નથી ? તેનું કારણ એ જ છે કે આપણને પૂર્ણજ્ઞાન ન હોવાથી અધૂરાં અને ગેરસમજભર્યાં મિથ્યાજ્ઞાનને લીધે આપણી તે બાબતની સમજણ જ ખોટી હોય છે. આપણું 'દર્શન' જ ખોટું હોય છે. યોગી જ્યારે પુરુષોત્તમ-ચેતના પ્રાપ્ત કરે છે ત્યારે તેને પોતાનાં જ સ્વરૂપનું સત્ય અને સર્વાંગપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થતાં જ તેની સમજણ બદલાય છે, તેનું દર્શન બદલાય છે. આ દર્શન કયા પ્રકારનું હોય છે ?

આપણે જેને સંઘર્ષ, કલહ, વિરોધ, અવરોધ સમજતા હોઈએ છીએ તેની પાછળ રહેલી દિવ્યશક્તિઓ ખરેખર તો નાશ કરનારી તપઃશક્તિ હોય છે. આ તપઃશક્તિ જે જે

તત્ત્વો પ્રભુના આવિર્ભાવમાં અવરોધરૂપ લાગે છે, નડતરરૂપ લાગે છે, અપૂર્ણ લાગે છે તે બધાને પૂર્ણતા આપવા, સંવાદમયતામાં રહેવા દબાણ લાવે છે. આ દબાણને જ આપણે અજ્ઞાનવશ અદિવ્યશક્તિના કાર્ય તરીકે સમજી બેસીએ છીએ. આવું દર્શન જ ખોટું છે અને તે અજ્ઞાનતા દર્શાવે છે, વાસ્તવિકતા નહિ.

આ તપ:શક્તિને જ ચિત્-શક્તિ ચૈતન્યની શક્તિ કહેવામાં આવે છે. ઉપર મુજબ આ ચૈતન્યશક્તિને પ્રભુની આત્મશક્તિ તરીકે સમજવાનું નવું દર્શન હવે વિકાસ પામે છે. આ દર્શનમાં સત્ત્વગુણ પ્રભુના સંકલ્પની સમજણ-શક્તિ વધારનાર શક્તિ તરીકે દેખાય છે. રજોગુણ પ્રકૃતિનું દિવ્ય રૂપાંતર કરનારી શક્તિ તરીકે જણાય છે અને તમોગુણ તેને કારણે રચાનાર દિવ્ય આવિર્ભાવને ટકાવી રાખનાર શક્તિ તરીકે અનુભવાય છે. ત્રણે ગુણોનું આ દિવ્ય-કાર્ય છે અને તે પ્રભુના જ સંકલ્પમાંથી નીકળેલી ત્રણ શક્તિ-ધારા સ્વરૂપે અનુભવાય છે.

આને જ પ્રભુનો 'સત્ય-સંકલ્પ' કહે છે. સત્ત્વગુણ તે સત્યને પ્રગટ કરવાનું જ્ઞાન આપે છે. રજોગુણ તેને વાસ્તવિક બનાવવાની ક્ષમતા આપે છે. તમોગુણ એ વાસ્તવિકતાને ટકાવીને તેની દ્વારા આત્મતત્ત્વની સનાતનતા પ્રગટ કરે છે. તેથી મુક્તાત્માની ત્રિગુણાતીતતા એ અશક્તિ નથી. તેની નિર્લેપતા એ લાગણીશૂન્યતા નથી. તેની સ્થિરતા એ જડતા નથી. આત્મતત્ત્વની પ્રગાઢ શાંતિને જ આપણે જડતા સમજી બેસીએ છીએ. તેની સમતાને જ લાગણીશૂન્યતા અને તેની સર્વહિતને ધ્યાનમાં રાખી વર્તવાને જ અશક્તિ સમજી બેસીએ છીએ.

જ્યારે મુક્તાત્મા પ્રભુની સંન્નિધિ, હાજરી કે સમીપતા અનુભવે છે ત્યારે ત્રણે ગુણોનાં ત્રણે સ્વરૂપો અને ક્ષમતાઓ પ્રગટ થાય જ એવું હોતું નથી. તેની પ્રકૃતિ અનુસાર કોઈપણ એક ગુણનો સ્વભાવ ત્યાં પ્રગટ થાય છે. દા.ત. તમોગુણની સ્થિરતા પ્રગટ થાય તો રજોગુણની ગતિશીલતાને ગૌણ કરી નાખવામાં આવે છે. આમાં રજોગુણને દબાવવાની ક્રિયા હોતી નથી પણ સંવાદમાં મૂકી દેવાની ક્રિયા બને છે. દરેક દિવ્યગુણ અન્ય દિવ્ય-ગુણો સાથે પૂર્ણ સંવાદમાં રહી શકે છે અને આ રીતે તેના પ્રભાવને ઝીલી આત્મસાત્ કરે છે.

સારાંશ ત્રિગુણોનું ફક્ત અધોગામી સ્વરૂપ જ નથી પણ દિવ્ય-સ્વરૂપો પણ છે અને તેમની મદદથી દિવ્ય-કર્મો કરી શકાય છે. તે બાધારૂપ નથી. આ જે ત્રિગુણોનું દિવ્ય-સ્વરૂપ છે તે ત્રિગુણોનાં અશુદ્ધ સ્વરૂપમાં બીજરૂપે રહેલું જ હોય છે. તેને વિકસાવવાની અને પ્રગટ કરવાની પદ્ધતિ શું?

તેને પ્રગટ કરવા તેનું રૂપાંતર કરવું જરૂરી છે. યોગી પોતાના સંકલ્પશક્તિના,

તપઃશક્તિના બળે તે ત્રિગુણોનાં અશુદ્ધ ભાગોને શુદ્ધ કરવાની અભીપ્સા સેવે છે. તે માટે ઊર્ધ્વમાંની દિવ્ય-શક્તિઓને પોતામાં કાર્ય કરવા પોતે પ્રભુને સમર્પણ કરે છે અને ટેવોસ્વરૂપે રહેલી અદિવ્ય-રચના અને તેનાં કાર્યોનો પરિત્યાગ કરે છે. આવી રીતે અભીપ્સા, સમર્પણ અને પરિત્યાગથી ઊર્ધ્વ-શક્તિઓ અવતરણ પામી તે ત્રિગુણોનું રૂપાંતર કરી તેમાં રહેલા દિવ્ય-સ્વરૂપને પ્રગટ કરે છે. અંતે એક દિવ્ય-સ્થિરતા, આરામ અને આનંદ પ્રગટ થાય છે.

આ વિકાસ અને રૂપાંતરનું કાર્ય કોણ કરી શકે તેના ઉત્તરમાં દેવ અને અસુરનો ભેદ જણાવવામાં આવે છે. દેવોમાં આવું રૂપાંતર પોતામાં કરવાની કે અન્યમાં કરાવવાની ક્ષમતા છે, જ્યારે અસુરોમાં તે પોતામાં કરવાની અને અન્યમાં કરાવવાની ક્ષમતા નથી.

જે માનવમાં સત્ત્વગુણ વધારે હશે તેવા લોકો દેવોના પ્રતિનિધિ- સ્વરૂપ છે. જેઓમાં તમોગુણ વધારે છે તે અસુરોનાં પ્રતિનિધિરૂપ છે. રજોગુણ તેમની આ ક્ષમતાઓ ટકાવી રાખવામાં વપરાય છે.

પાંડવો દેવમાનવો છે, કૌરવો અસુર-માનવો છે. પાંડવો ધર્મને, ચેતનાના વિકાસને મદદરૂપ છે. કૌરવો તેને મદદરૂપ નથી. તેમના ગુણધર્મોને જ ગીતા અનુક્રમે દૈવી-સંપત્ અને આસુરી-સંપત્ તરીકે વર્ણવેલ છે. દેવોમાં નિર્ભયતા, આત્મશદ્ધિ, પવિત્રતા, ભૂતમાત્ર તરફ દયા વગેરે હોય છે. તે ધર્મનાં અંતરંગને મહત્ત્વ આપે છે. અસુરોમાં, હિંસા, ક્રૂરતા, છળકપટ, ભોગ-વિલાસતા હોય છે. તે ધર્મનાં બાહ્યાંગને મહત્ત્વ આપે છે અને પોતામાં રહેલ પ્રભુને કોઈ મહત્ત્વ આપતો જ નથી. દેવોની ચેતના વિકાસ પામે છે. તે ઊર્ધ્વગતિ પ્રાપ્ત કરે છે. અસુરોની ચેતના પતન પામી નિમ્ન-ગતિ (અધમાં ગતિઃ ૧૬.૨૦) પ્રાપ્ત કરે છે.

પણ યદાકદાચિત તે ફરી અંતર્યામી પ્રભુ તરફ વળે છે, તો તેની અધોગતિ બંધ થઈ તે સન્માર્ગે વળી જાય છે અને તે સજ્જન બને છે (સાધુરેવ સ મંતવ્યઃ - ૧૬)

કામ, ક્રોધ અને લોભને નરકનાં દ્વાર ગણવામાં આવ્યાં છે. કામનાઓ ઉપર જો વિવેકપૂર્ણ મર્યાદા ન રહે તો આસુરી સ્વભાવ વિકાસ પામવા લાગે છે. કામનાઓમાં અવરોધક વસ્તુ કે વ્યક્તિ માટે તેને ક્રોધ આવે છે અને તેનો તે ઝનૂનથી નાશ કરવા પ્રવૃત્ત થાય છે. જો કામનામાં અવરોધ ન આવે તો તે કામના વધારે ને વધારે સંતોષાય તેવો લોભ જાગે છે. આમ કામમાંથી ક્રોધ અને લોભ જન્મતા હોય છે.

આમાંથી બચવા તેણે ધર્મને અનુસરવો જોઈએ એમ ગીતા જણાવે છે. પણ આ ધર્મશાસ્ત્ર એ સાધનમાત્ર છે, સાધ્ય નથી. ધર્મશાસ્ત્ર આપણને આત્મામાં જીવતા શીખવે છે. આત્મામાં જીવવું એ જ સાધ્ય છે.

માનવવિકાસ ચક્ર
- શ્રી અરવિંદ

પુસ્તક પરિચય - **કે.કે.ખખ્ખર**

(લેખ ક્રમાંક - ૧૩)

સ્થૂળ બર્બરતાનો પરાજય, આર્થિક બર્બરતાનું આગમન

શ્રી અરવિન્દ માનવવિકાસ ચક્ર ગ્રંથમાં જણાવે છે કે કેળવણીના આગમન સાથે માત્ર શરીર સાથે સંલગ્ન, સ્થૂળ અને જડ, જંગલી કે બર્બર અવસ્થાએ વિદાય લીધી. કેળવણીના પગલે જ્ઞાન અને વિજ્ઞાનના યુગનો પ્રવેશ શક્ય બન્યો. વ્યક્તિને બુદ્ધિયુક્ત અને તર્કપ્રધાન જીવન ગમવા લાગ્યું. આથી કાર્યક્ષમતા, ઉપયોગિતા અને અર્થપ્રધાનતાનું મહત્ત્વ વધ્યું. એવો આભાસ થયો કે માનવસમાજ જાણે કે જૂની ગ્રીક તાર્કિકતાના યુગમાં પાછો ફરી રહ્યો છે. પણ તેવું થયું નહીં. તર્કપ્રધાનતાની સાથે જીવનનાં સંસ્કાર તથા સૌંદર્યયુક્ત તત્ત્વોનો પ્રવેશ પણ થવો જોઈતો હતો. અર્થપ્રધાન પ્રગતિએ વેપાર-વાણિજ્યને જેટલું મહત્ત્વ આપ્યું તેટલું સંસ્કાર અને સૌંદર્યનાં તત્ત્વોને આપ્યું નહીં. કળા અને સંસ્કૃતિ કે સાહિત્ય અને સંગીતને પણ ધનિક વર્ગના અહંકાર-પ્રદર્શનનાં સાધનો બનાવી દેવામાં આવ્યાં અને તેમાં અનેકવિધ વિકૃતિઓ પ્રવેશી ગઈ.

શ્રી અરવિન્દ આગળ ચાલતાં સમજાવે છે કે અગાઉના સમયની, શરીર સાથે જોડાયેલી સ્થૂળ બર્બરતા કે જંગલી અવસ્થાનું સ્થાન હવે પ્રાણ સાથે જોડાયેલી નવી અર્થ-પ્રધાન બર્બરતાએ લીધું. પરંતુ એટલું તો નક્કી થઈ ચૂક્યું કે કેળવણી તથા જ્ઞાન-વિજ્ઞાનના આગમન સાથે માનવસમાજના વિકાસની સરહદો વિશાળ બની ગઈ. કેળવણી અને વિજ્ઞાને વિકાસ માટેની ભૂખ જગાડી દીધી. અજ્ઞાન એ મહાન શત્રુ છે તે પુરવાર થઈ ગયું. વિજ્ઞાને જે માર્ગો ખોલી આપ્યા તેથી મનોમય સ્વરૂપના માનવીની તથા તેની તર્ક અને બુદ્ધિશક્તિની શ્રેષ્ઠતાની સ્થાપના શક્ય બની. વચગાળાના સમયમાં અર્થપ્રધાન સંસ્કૃતિએ સૌંદર્ય અને સંસ્કારનાં તત્ત્વો કઢંગાં અને છીછરાં બનાવી દીધાં તે ખરું, પરંતુ આ સમય પણ પસાર થવાનો જ હતો. બદસૂરત વાસ્તવવાદ એક બુરખા-સ્વરૂપનો હતો અને તે વખત જતાં દૂર થવાનો હતો. શ્રી અરવિન્દ માનવવિકાસચક્ર ગ્રંથમાં આવી શક્યતાનો ઠેકઠેકાણે સંકેત આપે છે.

પરંતુ, વ્યક્તિના પ્રાણ-પ્રધાન સ્વરૂપ સાથે જોડાયેલી અહંકારયુક્ત આર્થિક

બર્બરતાનો પડછાયો હજુ માનવસમાજ પર વિસ્તૃતપણે ફેલાયેલો જોવા મળે છે. શ્રી અરવિન્દે તેને આર્થિક બર્બરતા તરીકે ઓળખાવી છે તે સૂચક છે. આવી બર્બરતાએ ધર્મ અને આધ્યાત્મિકતાને પણ વિકૃત-સ્વરૂપ આપી દીધું છે. ધર્મ અને આધ્યાત્મિકતાએ અર્થપ્રધાનતાની વચ્ચેથી જીવનની સાચી વાસ્તવિકતા, જીવનના ધ્યેય અને આદર્શોને શોધી આપવાના હતાં. પણ આર્થિક બર્બરતાએ આવી શક્યતાઓને હણી નાખી. ધર્મ ખુદ દેવસ્થાનો અને ક્રિયાકાંડોમાં જકડાઈ ગયો. ધર્મ અને આધ્યાત્મિક વચ્ચેનો સંબંધ જર્જરિત થઈ ગયો. કહેવાતા અનેક આધ્યાત્મિક ગુરુઓ માટે પણ આર્થિક બર્બરતાની ચૂંગાલમાંથી બચવાનું અઘરું બની ગયું.

પ્રાણ સાથે જોડાયેલી અહંકારમુક્ત આર્થિક બર્બરતા એટલે પ્રાણની ઈચ્છાઓની બોલબાલા. ચીજવસ્તુઓના માલિક બનવાની અદમ્ય ઈચ્છા. અમાપ જરૂરિયાતોની તૃપ્તિ માટેની ઘેલછા અને સંપત્તિના સતત સંચય માટેની લાલસા. આવી સંપતિનું સતત પ્રદર્શન કરતાં રહેવું અને તેને જ જીવનની સાર્થકતા ગણવાના ભ્રમણામાં રચ્યાપચ્યાં રહેવું. શ્રી અરવિન્દ આવા તમામ લક્ષણો ધરાવતા સમાજને આર્થિક રીતે જંગલી અથવા બર્બર સમાજ તરીકે ઓળખાવે છે.

શ્રી અરવિન્દ આગળ ચાલતાં જણાવે છે કે આવા, આર્થિક રીતે બર્બર સમાજમાં કિંમતી વસ્તુઓના ઢગ અને સુખસગવડો વચ્ચે જીવનની સુંદરતા અને અભિજાત્યનો સદંતર અભાવ જોવા મળે છે. આવા સમાજમાં રાજકારણ અને સરકારો વેપાર વાણિજ્યનો વિષય બની જાય છે. જીવનના આનંદને પણ સોદાની વસ્તુ બનાવી દેવામાં આવે છે!

શ્રી અરવિન્દ સ્પષ્ટ કહે છે કે આ બધાની અંદર જે મૂળ બર્બરતા રહેલી છે તે એ છે કે વ્યક્તિ પોતાની જાતને માત્ર પ્રાણ, તેના અહંકાર અને ઈચ્છાઓની તૃપ્તિ માટે જ મર્યાદિત બનાવી રાખે છે. વ્યક્તિ પ્રાણના સ્થાનને ઓળખી શકતી નથી. આ સ્થાનનો અતિરેક થવો જોઈએ નહીં, એ વાતથી તે અજાણ રહે છે. સમાજમાં મનુષ્ય સુખ-સગવડો સાથેનું જીવન જીવે તે ઈષ્ટ છે, પરંતુ તેની સાથે જોડાયેલી શરત એ છે કે આવું જીવન સત્યરૂપ અને સૌંદર્યયુક્ત પણ હોવું જોઈએ. શરીર અને પ્રાણ માત્ર પોતાને ખાતર જ મહત્ત્વનાં નથી. તે આથી આગળ વધુ મહાન અને શુભતત્ત્વની પ્રાપ્તિ માટેનાં સાધનો પણ છે. તે વ્યક્તિએ અને સમાજે સમજવાનું અને સ્વીકારવાનું અનિવાર્ય છે. શ્રી અરવિન્દ ચેતવે છે કે જો આર્થિક બર્બરતાનો યુગ લાંબો સમય ચાલુ રહે તો માનવજીવન પોતે સંચિત કરેલી ચીજવસ્તુઓના અતિરેકથી નાશ પામશે અને પોતાના ભાર નીચે જ દબાઈ જશે.

સાવિત્રી

- શ્રી અરવિંદ

સમજૂતી - માનસિંહ ચાવડા

Savitri - B-1, C-3, P-35

પ્રશાંતિની ધારણા

પ્રકરણ - ૯૨

અશ્વપતિનું બાહ્ય આવરણ અર્થાત્ ભૌતિક શરીર સાધનામાં સહભાગી થવા પ્રયત્ન કરી રહ્યું હતું. તેમાંની ચેતના ખૂબ જ તમોગ્રસ્ત અને અંધકારછાયી હતી. જાણે તે ચેતનાને જડતાનો રાહુ ગ્રસી રહ્યો હતો ! બાહ્ય આવરણ તો પોતે એક માનવ-પ્રાણી છે એમ જ પોતાને માનતું હતું. આંતરિક આત્મતત્ત્વની ઝાંખી તેને હાલમાં થઈ જ નહોતી.

પણ આંતરિક લીન બની જતું ત્યારે આ બાહ્ય ભૌતિક શરીરને પણ પોતે કોઈ અસ્પષ્ટ મહત્તાઓને સ્પર્શતું હોય એમ જરૂર લાગતું હતું અને તે મહત્તાઓ પોતાને સારી પરિચિત છે એવો પૂર્વાભાસ શરીરને ઘણી વખત થતો. તેને એમ લાગતું કે આવી કોઈ મહત્તા જ તેનો મૂળ સ્વભાવ છે. પણ હાલમાં તે પતન પામ્યું છે. તે શરીરને એવી ઝંખના જાગતી કે તેને પેલો પહેલા મળતો હતો તેવો દિવ્ય સ્પર્શ મળે, તેની તમોગ્રસ્તતાને ઘટાડી નાખતો, તેની જડતાને ઓગાળી નાખી તેને ચેતનવંતો કરતો તે મદદગાર-સ્પર્શને તેનું શરીર મૂક-રીતે ઝંખી રહ્યું હતું.

જ્યારે તેવો સ્પર્શ શરીરને મળતો ત્યારે રોમેરોમમાં જાણે રોશની જાગી હોય એવું તેને લાગતું હતું ! તેનો દરેક કોષ જાણે પ્રકાશમય બની જતો તેને લાગતો હતો અને તે પ્રકાશ કોઈ ભૌતિક પ્રકાશ બહારથી આવતો અને તેના બાહ્ય સપાટી ઉપર પથરાતો નહોતો લાગતો પણ કોષોનાં અંદરથી ફૂટી નીકળતો અને આંતર-સ્વરૂપોને પ્રકાશિત કરતાં કરતાં બાહ્ય સપાટીને છેદી પ્રગટ થતો આંતર-પ્રકાશ તરીકે લાગતો હતો. તેને તે સુખદાયક, તાણમુક્ત કરતો, આહ્લાદ અને આનંદ આપતો, તૃપ્તિની ભાવના જગવતો; આ આંતરિક પ્રકાશ-સ્વર્ગીય પ્રકાશ લાગતો હતો.

તે પ્રકાશમાં એક ખૂબી અને ખાસિયત હતી. શરીરને જેની ભૂખ હતી, જેની સતત તરસ-તૃષા લાગેલી જણાતી હતી તે દિવ્ય-શક્તિનો ખૂટતો સ્રોત કોષેકોષમાં પ્રગટાવવાની તે પ્રકાશમાં ક્ષમતા હતી. તે સ્રોતને તે પ્રકાશ ફરી વહેતો કરી આપતો હતો. શ્રી અરવિન્દ જણાવે છે કે -

Dim and eclipsed, his human outside storve.
To feel again the old sublimites,
Bring the high saving touch, the ethereal flame,
Call back to its dire need the divine Force.

આવો દિવ્ય-શક્તિનો સ્રોત કાયમ અચાનક ધમરોળતી વર્ષા જેવો આવતો અને અનપેક્ષિત રીતે અચાનક બંધ થઈ જતો અને અશ્વપતિને લાગતું કે તે પ્રયત્નથી તે પ્રવાહ શરૂ કરશે. પણ કરી શકતો નહોતો. ફરી તે અચાનક આવી ચડતો અને શરીરના કોષોને આકંઠ ભીંજવી, તૃપ્ત કરી ફરી ચાલ્યો જતો. અશ્વપતિની સંકપશક્તિ કે સાધના તેને લાવવામાં સદા અસફળ પુરવાર થતી હતી. શ્રી અરવિન્દ લખે છે કે "Always the power poured back like sudden rain"

ઘણી વખત અશ્વપતિને કોષોમાંના રોમહર્ષક આનંદની ઊર્મિઓ કરતાં જુદાં પ્રકારનો અનુભવ થતો. અશ્વપતિને એમ લાગતું કે તેના હૃદયમાં તેને જગન્માતાની મંગલ, દિવ્ય હાજરી જાણે હાજરાહજૂર છે. કોઈ અનામી ભવ્યતા, કોઈ ગૂઢ ચેતનાનો પ્રભાવ તેના મન, પ્રાણ, શરીર ઉપર પથરાએલો અનુભવાતો તે પ્રભાવ તળે મન, પ્રાણ, શરીર પોતાની ચંચળતા અને યાંત્રિક ઉધામાં છોડી શાંત, સ્વસ્થ, એકાગ્ર બની જતાં. અંતરનાં હૃદયાકાશમાં કોઈ બ્રહ્માંડવ્યાપી ઊઘાડ જણાતો. અહંકારની સંકુચિતતા ઓગળી જતી. વિશાલતામાં વિરાજતી સૌમ્ય પ્રકાશમય ચેતનાનો આહ્‌લાદ ગાત્રેગાત્રમાં છલકાઈ જતો. જાણે દિવ્ય-સોમરસપાન કરતો હોય એવું અશ્વપતિને લાગતું હતું. ચેતના ઉત્થાન પામીને ઊર્ધ્વપ્રદેશોમાં વિહરતી. પણ તે ચઢાણ કોઈ વખત તેને ભારે પરિશ્રમયુક્ત લાગતું. પણ ચેતનાના ઊર્ધ્વ કક્ષાએ પહોંચ્યા પછી તે પ્રદેશ આપણાથી ચિર-પરિચિત લાગતો એવું લાગતું. જાણે આ પ્રદેશ આપણાથી તદ્દન અજાણ્યો નથી ! ક્યારેક આપણે અહીં આવી ગયાં છીએ. પણ આ બાબતની કોઈ સ્પષ્ટ સ્મૃતિ પ્રયત્નો છતાં પ્રગટ થતી નહોતી. અશ્વપતિને તો એવું જ લાગતું જાણે આ જ તેનો મૂળપ્રદેશ છે. અહીંનો જ તે રહેવાસી છે પણ અહીંથી સ્થાનભ્રષ્ટ થઈને પતન પામ્યો છે.

આવી પતનની ધૂંધળી સ્મૃતિ તો માનવજાતિને વારસામાં મળેલી છે એવું અશ્વપતિને લાગ્યું. ખ્રિશ્ચ્યન, હિન્દુ અને અનેક ગૂઢ-વિદ્યાના સંપ્રદાયોમાં આવી આખ્યાયિકા અને ઉલ્લેખો હજી પણ સચવાએલાં પડ્યાં છે. સ્વર્ગમાંથી પતન પામવાની ધૂંધળી સ્મૃતિઓ માનવજાતિને જાણે વારસામાં મળેલી છે.

તેનું કારણ પણ છે. માનવમાત્ર આવી જ અહંકારશૂન્ય, દુઃખમુક્ત, નિરાકાર-

ચેતનામાં પોતાની સુષુપ્તિકાળમાં રોજ પ્રવેશે છે અને રોજ પાછો આવે છે. આ 'નિત્યપ્રલય' પેલા સ્વર્ગીય ચેતનાની અવસ્થાને ભૂલવા દેતો નથી. માનવ તેને શોધે છે જાગૃતિકાળની સ્મૃતિમાં અને તે છૂપાએલો હોય છે સુષુપ્તિકાળની સ્મૃતિમાં. કેવી રીતે તેને શોધી શકે ? શ્રી અરવિન્દ લખે છે કે

Always the power poured back like sudden rain,
Or slowly in his breast a presence grew;
It clambered back to some remembered height,
Or soured above the peak from which it fell.

અશ્વપતિ જ્યારે જ્યારે આવી રીતે ચેતનાની ઊર્ધ્વ-કક્ષાએ આરોહણ કરતો ત્યારે તેનું મન વધારે ને વધારે શાંત બનતું જતું હતું. તેથી પેલી ચેતનાની ઊર્ધ્વ-કક્ષા પણ વધારે સમય ટકી રહેતી હતી. તેને કારણે તેના જીવનમાં વધારે ને વધારે શાંતિ અને સમતા વિકસતી ગઈ. જીવનને નિરપેક્ષભાવે જોવાની, અનુભવવાની અદ્‌ભુત કલા તેને હસ્તગત થવા લાગી. આવી સમતા શારીરિક કક્ષાએ તેણે કોઈ વખત અનુભવી નહોતી. 'સ્થિર આધાર' કોને કહેવાય તેનું તેને સ્વયંભૂ જ્ઞાન મળ્યું અને આવી સમતા વધારે ને વધારે વિસ્તરતી ગઈ, લાંબો સમય ટકવા માંડી. જાણે શાંતિ અને પ્રશાંતિ આધારમાં ઉતરતી હોય એવું તેને લાગ્યું. શું ભગવાન શિવ ગંગાવતરણ ઝીલવાની પોતાની શારીરિક સ્થિતિ ગોઠવી રહ્યાં છે ? એવો એકભાવ અશ્વપતિનાં મનમાં જાગ્યો.

આ દેહની શાંત અને સૌમ્યતાની અવસ્થા સાથે પોતાની ચેતના પણ હવે ચેતનાનાં ઊર્ધ્વ સ્તરોમાં સ્થિર થતી, ત્યાં જ પોતાનું સ્થાન રચતી લાગી. પાર્થિવ-ચેતના ધીમે ધીમે પ્રાણમય ચેતના અને મનોમય ચેતનાને વટાવી ચૈતસિક-ચેતનામાં પોતાના ધામા નાંખી રહી છે એવું અશ્વપતિને લાગ્યું અને જેમ જેમ ઊર્ધ્વ-ચેતનાની કક્ષાએ ચેતના સ્થિર થતી ગઈ તેમ તેમ તે વિશાળતા ધારણ કરતી જાય છે એવું અશ્વપતિનાં ધ્યાનમાં આવ્યું. શરીરની મર્યાદામાં ચેતના પુરાઈ ન રહેતાં શરીર બહાર પણ વિસ્તરતી લાગી. તે ચેતના સૌમ્ય પ્રકાશસ્વરૂપ ભાસતી અને તે પોતે જ છે, પોતાની જ ચેતના છે એવો ભાવ અશ્વપતિને જાગતો, અશ્વપતિ પોતાના અહંકારને આ રીતે વ્યાપક બનતો જોઈ રહ્યો. શ્રી અરવિન્દ જણાવે છે કે -

Each time he rose there was a large poise,
A dwelling on a higher spirit plane;
The Light remained in him a longer space;

શ્રી અરવિન્દ Lightનો આદ્યાક્ષર કેપિટલ કરીને તે પ્રકાશસ્વરૂપ ચેતના પરમચેતના જ છે એવું સૂચવે છે.

આવી સ્થિતિ અશ્વપતિ મેળવતો હોવા છતાં તે સતત બદલાતી હોય છે. અશ્વપતિ ક્યારેક આવી ઊર્ધ્વ-ચેતનામાં વિહરતો હોય છે, તો ક્યારેક નિમ્ન-શારીરિક-ચેતનામાં આવી પડતો હોય છે. તેની ચેતનાનું પેન્ડુલમ, લોલક, સદા પૃથ્વી અને સ્વર્ગ વચ્ચે જાણે ઝૂલતું હોય છે. પણ આવા સ્થિત્યંતરો જ ધીમે ધીમે તેને ઊર્ધ્વ-ચેતનામાં રહેવાના જાણે પાઠ ભણાવતા હોય છે, તેને તેનો અભ્યાસ કરાવતા હોય છે. તેને નિષ્ણાંત બનાવતાં હોય છે અને એ રીતે અશ્વપતિની ચેતનાને પરમ-ચેતના સાથે વધારે ને વધારે ઊર્ધ્વ-ચેતના દ્વારા સંવાદ રચવા સમર્થ કરતાં હોય છે. જેમ જેમ અશ્વપતિ ઊર્ધ્વ-ચેતનામાં પ્રવેશે છે તેમ તેમ પરમ-ચેતનાની પ્રેરણાઓ તે સ્પષ્ટ અને ભૂલ થયા વગર જાણી સમજી શકે છે. માનવ જેમ જેમ ટેકરી ચડે તેમ તેનો મોબાઈલ વધારે સ્પષ્ટ સંદેશા ઝીલી શકે તેવી આ વાત છે. અશ્વપતિને આ રીતે પોતાની અવ્યાહત પ્રગતિ થતી જણાઈ રહી છે અને તેને સાધનામાં વધારે ને વધારે રસ પડતો જાય છે. તેનું એન્ટેના વધારે ને વધારે સમર્થ થતું જાય છે.

આનો પરિણામ એ આવે છે કે જેમ ચંદ્રની કળા શુક્લ-પક્ષમાં વધતી જાય તેમ અશ્વપતિની ક્ષમતા રોજેરોજ પ્રગતિના પંથે આગળ વધતી જ જઈ રહી હતી. તે વધારે ને વધારે ઊર્ધ્વ-કક્ષાની ચેતનામાં હવે પોતાના પગ-મંડારણ કરવા લાગ્યો અને તેની ચેતના વધારે ને વધારે વિસ્તરવા માંડી, વધારે ને વધારે પ્રકાશમય બનવા લાગી, વધારે ને વધારે આનંદમય બનવા લાગી. જેમજેમ તેના સ્વરૂપનાં વિવિધ તત્ત્વો પ્રકાશમય બનતાં ગયાં, ચૈત્યપુરુષ સાથે ગોઠવાતાં ગયાં, ચૈત્ય-ચેતના સાથે સંધાતાં ગયાં; તેમતેમ તે પરમ-ચેતના વધારે ને વધારે સ્પષ્ટ રીતે, પૂર્ણરીતે, ઉત્કટ રીતે પ્રગટ થવા માંડી અને પોતાનો સ્વયંસિદ્ધ મહિમા અને ગરિમાને અશ્વપતિ મારફત પ્રગટ કરવા લાગી.

In this oscillation between earth and heaven,
In this ineffable communion's climb
There grew in him as grows a waxing moon
The glory of the integer of his Soul.

અશ્વપતિ પરમ-ચેતનાની ગરિમાને વધુ ને વધુ અનુકૂળ બનતો ગયો. વધુ ને વધુ પ્રશાંતિને ધારણ કરતો ગયો.

યોગ વિષે પત્રો

- શ્રી અરવિંદ

ચૈત્યપુરુષનું સ્વરૂપ - પ્રકરણ - ૧૨

અવતરણો

(ભા-૧, પૃ ૩૨૩-૩૩૧)

૧) ચૈત્યપુરુષ એવું કેન્દ્ર હોય છે જે દિવ્ય શક્યતાઓથી સભર હોય છે. મન, પ્રાણ અને શરીરનાં વિવિધ આવિર્ભાવોને ટેકો આપતો રહે છે. બધાં જ જીવંત પ્રાણીઓમાં હોય છે. શરૂઆતમાં તેનો વિકાસ થતો નથી. વારંવાર અગ્રભાગે આવતો નથી. પૃ.૩૨૨

૨) પ્રભુ પ્રત્યે વળવાની અનુભૂતિ દ્વારા તે ચેતનામાં વૃદ્ધિ પામે છે. ચૈતિસક વ્યક્તિત્વ ખીલી ઊઠે છે. પૃ. ૩૨૨

૩) પ્રાચીન પદ્ધતિમાં હૃદયમાં રહેલ પુરુષ (હૃદયે ગુહાયામ) અને આપણે જેની ચૈત્યપુરુષ તરીકે વ્યાખ્યા કરીએ છીએ તેની સાથે બરાબર સામ્ય દર્શાવે છે. પૃ. ૩૨૪

૪) અહંભાવ એ પ્રકૃતિની રચના છે. પૃ. ૩૨૫

૫) આંતરસ્વરૂપ આંતરમન, આંતરપ્રાણ અને આંતર શારીરિકનું બનેલું હોય છે, પણ તે ચૈત્યપુરુષ નથી. પૃ. ૩૨૫

૬) લોહી ચૂસનાર પ્રેતમાં **(Vampire)** ચૈત્યપુરુષ હોતા નથી કારણ તે પ્રાણમય સત્ત્વ હોય છે. પૃ. ૩૩૦

૭) ચૈત્યપુરુષ અને ચેતના બન્ને એક નથી. પૃ. ૩૩૧

૮) દિવ્ય સ્ફુલિંગ સંગઠિત પ્રાણ અને મનના વિકાસ પહેલાં હાજર હોય છે. પૃ. ૩૩૧

૯) તે મન, પ્રાણ અને શરીરરૂપી કરણનો ઉપયોગ કરીને જન્માંતરોમાં વિકાસ કરતો જાય છે. પૃ. ૩૩૧

૧૦) સમગ્ર ચેતનાએ, મનોમય પ્રાણમય અને શારીરિક ચેતનાએ પણ, આરોહણ કરવાનું છે અને ઊર્ધ્વચેતના સાથે મિલન સાધવાનું છે. પછી ઊર્ધ્વચેતનાએ તેમની અંદર અવતરણ કરવાનું છે. પૃ. ૩૩૧

સમજૂતી - માનસિંહ ચાવડા

ચૈત્યપુરુષ એટલે આપણા સ્વરૂપનો એવો અંશ જે અતિમનસ ચેતના સાથે સીધેસીધા સંપર્કમાં હોય છે આવી એક શિષ્યે કરેલી વ્યાખ્યા બાબત શ્રી અરિવન્દ જણાવી રહ્યાં છે કે તેવી વ્યાખ્યા યોગ્ય નથી, કારણ ચૈત્યપુરુષ જો વિકાસ પામેલો ન હોય અર્થાત્ જો તે સ્ફુલિંગે પોતાની આજુબાજુ દિવ્ય પ્રકૃતિનું વ્યવસ્થિત સ્વરૂપ રચેલું ન હોય તો તેનો સીધેસીધો અતિમનસ ચેતના સાથે સંપર્કમાં હોતો નથી, પણ તેનામાં બીજસ્વરૂપે તે સંપર્ક વિકસાવવાની ક્ષમતા જરૂર હોય છે.

ચૈત્યપુરુષની નીચેની વિશેષતા આ બાબતમાં કાયમી સ્વરૂપે ધ્યાનમાં રાખવી જરૂરી છે:

૧) તેણે પોતાના દિવ્યસ્વરૂપનો હજી વિકાસ સાધેલો હોતો નથી. તે પ્રકાશ-જ્યોત કે સ્ફુલિંગ સ્વરૂપનો હોય છે. પ્રભુની હાજરી અનુભવવાની અને તેને સમર્પિત રહેવાની જન્મજાત ક્ષમતા તેમાં ધરાવે છે.

૨) તે આપણાં મન, પ્રાણ, શરીર અર્થાત્ અપરા પ્રકૃતિથી આચ્છાદિત હોય છે અને શરૂઆતમાં તેનો પ્રભાવ પણ આ અપરા પ્રકૃતિ ઉપર પડતો નથી તેથી તે આપણા સ્વરૂપમાં અગ્રભાગે આવીને સભાનરીતે કાર્ય કરી શકતો નથી.

૩) તે અપરાપ્રકૃતિનાં બધા વ્યવહારોને ટેકો આપતો હોય છે.

૪) તેમાં દિવ્ય શક્યતાઓ બીજસ્વરૂપે રહેલી હોય છે.

૫) તે બધાં જ જીવંત પ્રાણીઓમાં અચૂક હોય જ છે પણ જ્યાં પ્રકૃતિ પૂરેપૂરી આસુરી હોય ત્યાં જાણે મૂર્છિત સ્વરૂપમાં હોય છે તેમ જ વિકસિત કે અવિકસિત હોય છે.

૬) મન, પ્રાણ, શરીરની શુદ્ધિ અને દિવ્યતાના પ્રમાણમાં બાહ્ય વર્તનોમાં પ્રગટ થઈ શકે છે અને પોતે વિકાસ પામે છે.

૭) અંગ્રેજીમાં SOULના અર્થમાં માનસિક રચના અને આત્મા બન્નેનો સમાવેશ થઈ જાય છે. તેવું જ Psychic શબ્દ બાબતમાં પણ છે. બન્ને લગભગ પ્રાણમય પુરુષના અર્થમાં વધારે વપરાય છે.

૮) મન અને પ્રાણ બન્નેની સીમારેખાઓ જ્યાં મળે છે ત્યાં તે હૃદયમાં ઊંડે ઊંડે રહે છે. આ હૃદય એટલે ભૌતિક હૃદય નહિ પણ ઊર્મિકેન્દ્રની પણ પાછળનો ભાગ.

૯) ચૈત્યપુરુષ મન, પ્રાણ, શરીરને શુદ્ધ અને દિવ્ય કરવામાં મદદરૂપ થાય છે.

૧૦) ચૈત્યપુરુષ મૃત્યુબાદ પણ અસ્તિત્વ ધરાવે છે અને તે જ સ્વેચ્છાએ જન્મમૃત્યુની પ્રક્રિયા સ્વીકારી વિકાસ પામે છે.

૧૧) ચૈત્યપુરુષ એટલે ચમત્કારિક ગૂઢ ક્ષમતાઓ (Psychic Powers) નહિ. તે પ્રકાશમય અહંકાર પણ નથી. તે મનોભાવનિક રચના પણ નથી.

૧૨) અંતઃકરણ એટલે પણ ચૈત્યપુરુષ નથી, અંતઃકરણ આપણી આંતરિક ઈન્દ્રિયો સ્વરૂપ છે. તે જ્ઞાન મેળવવાની આંતરિક પ્રક્રિયાઓ પૂરી કરે છે.

૧૩) અહંકાર નષ્ટ થવા છતાં ચૈત્યપુરુષ રહે જ છે. અહંકાર એ પ્રકૃતિની રચના છે. ચૈત્યપુરુષ એ પુરુષનું એક સ્વરૂપ છે.

૧૪) ચૈત્યપુરુષ પ્રભુને સદા સમર્પિત હોય છે. પ્રભુવિરોધી તત્ત્વોથી તે મુખ ફેરવી લે છે.

૧૫) એવા પણ આસુરી-સ્વરૂપો છે જેમાં ચૈત્યપુરુષ હોતો જ નથી. દેવોમાં પણ ચૈત્યપુરુષ નથી અને અસુરોમાં પણ નથી તેથી તેમની ઉત્ક્રાંતિ અને વિકાસ થવો શક્ય નથી. જો તેમને વિકાસ સાધવો હોય તો તેમણે ચૈત્યપુરુષને ધારણ કરવા જરૂરી છે અને જન્મમૃત્યુની પ્રક્રિયામાં પ્રવેશવું પડે છે.

૧૬) ચૈત્યપુરુષ પોતે વિકાસ પામતો હોવાથી તે ક્ષરપુરુષ છે, અક્ષર પુરુષ નથી.

૧૭) આંતરમન, આંતરપ્રાણ અને આંતરપાર્થિવ તત્ત્વનું બનેલું આપણું એક આંતરસ્વરૂપ પણ છે પણ તે ચૈત્યપુરુષ નથી પણ ચૈત્યપુરુષનો તે સીમાવર્તી ભાગ હોવાથી તેના પ્રકાશથી પ્રકાશિત હોવાથી વધારે શુદ્ધ હોય છે. આંતરસ્વરૂપ ચૈત્યપુરુષ અને આપણા બાહ્ય સ્વરૂપને જોડનારું વચગાળાનું સ્વરૂપ છે.

૧૮) મૃત્યુ વખતે ચૈત્યપુરુષ ભૌતિક શરીર છોડે છે પણ સૂક્ષ્મ શરીરને સાથે લઈ જાય છે તેથી મન, પ્રાણ અને સૂક્ષ્મ પાર્થિવતત્ત્વ પણ તેની સાથે જાય છે. જ્યારે ચૈત્યપુરુષ સૂક્ષ્મશરીર છોડે છે ત્યારે પોતાની સાથે કારણ-શરીરને લઈ જાય છે. કારણ-શરીર આ સનાતન શરીર છે. તેને જ વિકસાવવાનું કામ ચૈત્યપુરુષ કરતો હોય છે. તે વિજ્ઞાનમય કોષ અને આનંદમય કોષનું બનેલું હોય છે.

૧૯) વનસ્પતિમાં ચૈત્યપુરુષ હોય જ છે પણ તેની પાસે અભિવ્યક્ત કરવાનાં વિકસિત કરણો હોતાં નથી. તેથી આત્મતત્ત્વ ફકત પોતાની સુંદરતા ફૂલ, પાંદડાં દ્વારા પ્રગટ કરી શકે છે પણ ચેતનાને પ્રગટ કરી શકતો નથી. પ્રાણીમાં ચેતનાને પ્રગટ કરવાની ક્ષમતા પણ આવે છે, પણ તે ખૂબ જ પ્રાથમિક અને અશુદ્ધ સ્વરૂપની હોય છે. માનવમાં તે ક્ષમતા વિકાસ પામે છે અને અતિમાનવમાં પૂર્ણતા પ્રાપ્ત કરે છે.

૨૦) ભૂત એ ચૈત્યપુરુષ નથી પણ તે સૂક્ષ્મ શરીરનો આવિર્ભાવ માત્ર છે. તે મનોમય, પ્રાણમય અને સૂક્ષ્મપાર્થિવ રચના હોય છે.

૨૧) ચૈત્યપુરુષ જ મૃત્યુ સમયે પોતાના વર્તમાન જીવનનું સર્વેક્ષણ કરે છે અને

પોતાની ત્રુટીઓ નિશ્ચિત કરી તે પૈકી આવતા જન્મમાં કઇ નિવારવી તેનો નિર્ણય લે છે. તે નિવારણને મદદરૂપ ગુણોને પણ પોતાની સાથે લે છે. તેમાં આવતા અવરોધોને પણ. આમ આવતા જન્મની રૂપરેખા તૈયાર કરે છે.

૨૨) પુનર્જન્મમાં ગતજન્મની સ્મૃતિઓ ત્યારે જ નિર્માણ થાય છે જ્યારે તે પ્રસંગને કારણે તેના ચૈત્યપુરુષ ઉપર ઘેરો પરિણામ થયો હોય, આ પરિણામ દુઃખદ કે સુખદ પણ હોય છે.

ઘણી વખત પુનર્જન્મની દેખાતી ઘટના ખરેખર પુનર્જન્મ હોતો નથી પણ નવા જન્મમાં ગતજન્મનાં શરીરોનાં અવશેષો જડાઇ જવાથી તે અવશેષોમાં રહેલાં પ્રાણમય તીવ્ર આવેગો પ્રગટ થવા માંડે છે. આવા અવશેષોને પ્રાણમય ઘડતર કહેવાય છે, જે થોડોકાળ સ્વતંત્ર રીતે જીવે છે અને ક્યાંક જોડાઇને પોતે પ્રગટ પણ થાય છે. આ એક પ્રકારનો ઘડતરનો જ વળગાડ જ હોય છે. ચૈત્યપુરુષ પુનર્જન્મ લે છે પણ તેના દર જન્મે મન, પ્રાણ શરીર જુદા જ હોવાથી પાછલી ઘટનાઓનાં સંસ્મરણો હોતાં નથી પણ તેને કારણે નિર્માણ થએલા સંસ્કારો જ તે સાથે લાવે છે. છતાં પણ અપવાદાત્મક કિસ્સામાં પૂર્વજન્મનાં ખાસ પ્રસંગોની સ્મૃતિ યથાવત્ રહી જઇને સ્મૃતિરૂપે પ્રગટ થતી હોય છે જે પુનર્જન્મનો ભાસ રચે છે.

ભૂતોમાંનાં ડાકણ, ચુડેલ, બ્રહ્મરાક્ષસ, પિશાચ; આ બધાં મૃત્યુ પામેલાંના પ્રાણમય કે મનોમય શરીરો જે હજી વિઘટિત થયાં નથી તે હોય છે. તેમનો ઉદ્દેશ પોતાની વાસનાઓ તૃપ્ત કરવી અને પોતાના સૂક્ષ્મશરીરની આવરદા વધારવા પ્રાણ-શક્તિ મેળવવી એ જ હોય છે.

સારાંશ જેટલા પુરુષનાં પ્રકાર છે તેટલી ચેતનાનાં પ્રકાર છે. ચૈત્યપુરુષ એ પણ ચૈતસિક-ચેતનાની કક્ષાનો પુરુષ છે. તે જીવાત્મા, મનોમય પુરુષ, પ્રાણમય પુરુષ, સૂક્ષ્મપાર્થિવપુરુષ કે ભૌતિક-પુરુષથી જુદો છે. તેનું કાર્ય પણ વિશેષ સ્વરૂપનું છે. તે જીવાત્માના ટેકાથી રહેલો હોય છે. વ્યકિતસ્વરૂપ ચેતના છે અને આપણી પરા અને અપરા પ્રકૃતિની પાછળ ઢંકાઇને રહેલો છે. તેને જીવાત્માએ ધારણ કરેલા સંકલ્પાનુસાર પોતાનું દિવ્ય-સ્વરૂપ રચવું છે જેથી પ્રભુ તેની દ્વારા તે સંકલ્પાનુસાર ખાસ સ્વરૂપે પ્રગટ થાય. તે માટે જ તે અનુભવો દ્વારા તે ખાસ સ્વરૂપ રચવા જન્મ-મૃત્યુની પ્રક્રિયામાં પ્રવેશેલો છે. તે દરમિયાન તે પોતાની અપરાપ્રકૃતિનું રૂપાંતર સાધી તેને પરાપ્રકૃતિમાં રૂપાંતરિત કરે છે. અનુભવથી મળેલા ઘાટને ટકાવી રાખી પોતાનું ખાસ સ્વરૂપ તૈયાર કરે છે. વેદોમાં તેને અગ્નિ કહ્યો છે, જે જીવનયજ્ઞનો પુરોહિત છે અને તે પોતાના વિકાસની રૂપરેખા જાણતો હોવાથી તેને ‘જાત-વેદસ’ કહે છે. જાત-વેદસ એટલે જે સ્વરૂપ જન્મ્યું છે તેની બધી જ વિગતો જાણનાર.

ભારતીય સંસ્કૃતિના પાયા

- શ્રી અરવિંદ

અવતરણો
(પૃ.૩૩૫-૩૫૦)

૧ ભારતીય માનસનો પ્રધાન સૂર..... તેની પ્રકૃતિ આધ્યાત્મિક, અંતઃપ્રજ્ઞ અને ચૈત્ય હતીઃ પણ તેની મુખ્ય મનોવૃત્તિએ એક બળવાન અને સમૃદ્ધ બૌદ્ધિક, વ્યવહારુ અને પ્રાણિક પ્રવૃત્તિને દૂર કરી નથી..... બળપૂર્વક ટેકો આપ્યો છે. પૃ.૩૩૫

૨ દ્વંદ્વાત્મક નિગમનની ઘનિષ્ઠ કસોટીએ તેમને ચઢાવવા અને વિચાર, જે કાંઈ તેમાંથી શોધી શકે તેનો નિષ્કર્ષ કાઢવો - આ બધું એક ખંતીલ અને સજાગ યુક્તિયુક્ત વિચારણાની, સૂક્ષ્મ વિવેચનની, પૃથકરણની, બળવાન તર્કબદ્ધ ક્રમબદ્ધતાની સર્વોત્તમ શક્તિએ છઠ્ઠી અને તેરમી સદીઓની વચ્ચેના ગાળામાં જે પુષ્કળ તાત્ત્વિક રચાનાઓ થઈ ત્યાં લગી પહોંચ્યું હતું...... જેની નોંધપાત્ર રચનાઓ.... શંકર, રામાનુજ અને મધ્વે કરી હતી. પૃ.૩૩૬

૩ અહીં જાતિના માનસમાં..... અધિભૌતિક વળાંકની એક ધારાવાહી તાકાત વરતાય છે. પૃ.૩૩૬

૪ એમનામાં.... સક્રિય વસ્તુ હોય છે તે છે ખંડનમંડનાત્મક બુદ્ધિશક્તિ..... નહિ કે સાક્ષાત્કાર કરનારી..... પૃ.૩૩૭

૫ ભારતે તત્ત્વજ્ઞાન, ધર્મ અને યોગની વચ્ચે જે નિરંતર એકતા જાળવી રાખી છે તેનું આ પરિણામ છે. પૃ.૩૩૮

૬ મૂર્તિપૂજા, મંદિરની ઉપાસના - પદ્ધતિ અને ધાર્મિક ક્રિયાઓ એ અનિવાર્યપણે અધઃપતન નથી. પૃ.૩૪૦

૭ ગંગા, યમુના અને સરસ્વતી એ ત્રણે નદીઓનો સંગમ એક આંતરિક ત્રિવેણી સંગમનું રૂપક બને છે. પૃ.૩૪૧

૮ ભાગવત..... ઊંડા વિચાર અને સૌંદર્યવાળું એક અનોખું સર્જન છે..... ભક્તિના લાગણીયુક્ત અને ઉલ્લાસપૂર્ણ પંથોનો વિકાસ (છે) પૃ.૩૪૨

૯ પ્રાદેશિકભાષાઓ કાવ્યોચિત સર્જનનું માધ્યમ અને લોકભોગ્ય સંસ્કૃતિનું સાધન બને છે. પૃ.૩૪૩

૧૦ આખ્યાનાત્મક..... રચનાઓ મહાકાવ્યોમાંથી પોતાની વસ્તુ લે છે. પૃ.૩૪૮

પ્રાદેશિક ભાષાનું સાહિત્ય - સર્જન

પ્રકરણ - ૧૫

સમજૂતી - માનસિંહ ચાવડા

ભારતીય માનસ પ્રથમથી જ અધ્યાત્મપ્રધાન રહ્યું છે અને તે આધ્યાત્મિક સમજણ અંતઃપ્રજ્ઞા દ્વારા પ્રાપ્ત કરવાની એવો તેનો જન્મજાત સ્વભાવ છે. તેથી તત્ત્વજ્ઞાન, ધર્મ, કળા, સાહિત્ય, જીવન દરેક બાબતમાં જે કાંઈ સર્જનાત્મક વિચારધારાઓ નિર્માણ થઈ તેનું મૂળ આ અધ્યાત્મમાં જ રહ્યું છે. અભિવ્યક્તિમાંનાં પ્રતીકો પણ એ જ રંગે રંગાયા છે, તે પછી આમ-સમાજ માટે તેને બુદ્ધિના વાઘા ચડાવીને સમાજમાં સમજણ આપવામાં આવી છે.

પુરાણો અને તંત્રોના સાહિત્ય ઉપર પણ આ જ પ્રભાવ રહ્યો છે. બૌદ્ધ અને જૈન દર્શનો અને સાહિત્યો પણ આ પ્રભાવ નીચે જ રહ્યાં છે.

ઉપર જણાવેલું બૌદ્ધિક-ગઠન આ રીતે છઠ્ઠીથી તેરમી સદી સુધી થતું રહ્યું. તેમાં શંકર, રામાનુજ અને મધ્વ જેવા દક્ષિણભારતનાં ચિંતકોનો સિંહફાળો રહ્યો છે. આ કોઈ અવનતિના કારણે બૌદ્ધિક-આવિશ્કાર નહોતો, પણ અંતઃપ્રજ્ઞાને બુદ્ધિનો પણ સબળ આધાર આપવાનો પ્રયત્ન હતો, જેથી સર્વસામાન્ય જનતાને તે વધારે ગ્રાહ્ય લાગે. ફક્ત શ્રદ્ધા નહિ બુદ્ધિ પણ તેને ગ્રહણ કરે એવો એ પ્રયત્ન હતો. આ પ્રયત્ન ખૂબ જ યશસ્વી થયો. સામાન્ય ભારતીયના લોહીમાં અધ્યાત્મ ઊતરી ગયું.

આ બૌદ્ધિક વિવેચન કોઈ પદવી મેળવવા નહોતું વપરાતું. તેમાં ખંડનમંડન અથવા પૂર્વપક્ષ ઉત્તરપક્ષની પદ્ધતિ વપરાતી. ગીતા જેટલો આવેગ અને સૂક્ષ્મ ઈંગિતો તેમાં નથી છતાં કાવ્ય તરીકે તે સાહિત્ય આદરપાત્ર રહ્યાં છે.

શંકરકૃત વિવેક ચુડામણી આ સાહિત્યનો ઉત્તમ દાખલો છે.

ભારતમાંનાં આવા સાહિત્ય - સર્જનો યુરોપીય બૌદ્ધિક સર્જનોથી જુદાં પડે છે. બન્ને છે તો બૌદ્ધિક સર્જનો છતાં તે બુદ્ધિ વ્યવહારુ તર્ક-શક્તિ નથી, પણ સૂક્ષ્મ શુદ્ધ, અધ્યાત્મિક સમજણથી પ્રકાશિત થએલી પ્રતિભા-શક્તિ છે. ભારતમાં તત્ત્વજ્ઞાન, ધર્મ અને યોગમાં એકતા લાવવાનું સફળ કાર્ય આ પ્રતિભા-શક્તિએ કર્યું છે. આ પ્રતિભા અધ્યાત્મની વિવિધ છટાઓને વેગળી પાડે છે, તેથી ઉપનિષદોમાં આગળ વધતા અનેક શાખા, પ્રશાખાઓ જન્મી છે. પણ તેમની એકતા કાયમ રહી છે. આંતરિક-વિરોધ નથી. આવી અધ્યાત્મિક છટાઓ ઉપર આધારિત ધર્મો, સંપ્રદાયો પુરાણકાળમાં જન્મ્યાં. સમાજના

નિમ્ન કક્ષાએ તેમનો આપસી વિરોધ જન્મ્યો હશે, પણ ઉચ્ચ સમાજમાં તેમને એકતામાં જ જોયા. શંકરાચાર્યે યોજેલી પંચાયતન પૂજા (પાંચ દેવોની સાથે પૂજા ગણપતિ, સૂર્ય, દુર્ગા, શિવ, વિષ્ણુ) આ વિવિધ સંપ્રદાયોનો સુમેળ અને એકતા-દર્શક જ છે. પુરાણોમાં આ વિશિષ્ઠ દૈવી સ્વરૂપોને પરમ-ચેતનારૂપ ગણવાનો જ ભાવ હતો. પુરાણો ધાર્મિક-ભાવનાં જ સાહિત્ય-સર્જનો હતાં. પણ આધુનિક ટીકાકારોએ તેમાં શુષ્કબુદ્ધિનાં કારણે વિખવાદ જ જોયો. પણ અધ્યાત્મમાં શીખવાતી જગતની ઉત્પત્તિ, ધાર્મિક પરંપરા, અધ્યાત્મ અને નૈતિક-શિક્ષણનો તે સમન્વયરૂપ હતાં. લુપ્ત થએલાં વૈદિક-પ્રતીકોનો અર્થ તેઓ પૂરેપૂરો સમજાવી શક્યાં નથી, પણ તેને બદલે નવાં પ્રતીકો લઈ આવ્યાં. જે લોકોને સરળતાથી સમજાય. દા.ત. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ અને તેમનાં ત્રણ શક્તિરૂપો એ તેમના મતે સર્જનપ્રક્રિયાનાં ત્રણ પાસાં સ્વરૂપ હતાં. આ મૂળભૂત રીતે ચૈતસિક-શક્તિઓ છે. તેમને માનવી - પ્રતીકો દ્વારા સમજાવવાનો પ્રયત્ન કરેલ છે.

પ્રાચીન વેદકાલીન ધર્મ, લોકો સાથે રહેતા, ભૌતિક જીવનને આધ્યાત્મિક રીતે જીવતા ઋષિઓએ વિકસાવ્યો છે. ઉપનિષદકાળમાં હવે આવા ઋષિઓએ જાણે સામાજિક ભૌતિક મર્યાદાઓ ત્યાગીને ફક્ત અધ્યાત્મ તરફ ઝોક દીધો. પુરાણોએ તે એકાંગી આગ્રહ ત્યાગી જાણે ફરી સમતુલા જાળવવાનો પ્રયત્ન કર્યો, પણ પોતાની રીતે. તેથી અધ્યાત્મિક જ્ઞાન સર્વસામાન્ય માનવના માનસનું એક અંગ તરીકે વિકસાવવામાં તેઓ સફળ થયાં. તંત્રમાં મનોમય યોગ-પદ્ધતિઓ વિકસાવવામાં આવી. સાધના પદ્ધતિનો નિશ્ચિત ઢાંચો કરી નાખવામાં આવ્યો. તંત્ર ગૂઢ શક્તિઓ પ્રાપ્ત કરવા માટે વધારે વપરાવા લાગ્યું. પુરાણોમાં હજી પ્રતીકો ચૈતસિક કક્ષાનાં જ રહેવાથી તે ઉપાસના આંતરિક રીતે ચૈતસિક અને બાહ્ય રીતે કર્મકાંડાત્મક રહી. દા.ત. ગંગા, યમુના, સરસ્વતીનાં ત્રિવેણી સંગમ સ્નાનનું કર્મકાંડાત્મક મહત્ત્વ ખરેખર ચૈતસિક-નાડી વિજ્ઞાનની ઈડાપિંગલા સરસ્વતીનાં સંદર્ભો છે. પણ કાળનાં પ્રવાહમાં આ સંદર્ભો લુપ્ત થતાં ગયાં અને વહેમો અને માન્યતારૂપ બની ગયાં. છતાં પુરાણોએ વિશેષતઃ ભાગવતે સાત્ત્વિક-ભક્તિનો વહેણ અખંડ રીતે ચાલુ રાખ્યો, એ એક હકીકત છે. દેવીભાગવત પણ તેવું જ છે. ભાગવતમાંની સૌંદર્ય અને રસમય રજૂઆત એક ઉત્તમ ધાર્મિક કાવ્ય તરીકેનું તેને સ્થાન આપે છે.

સંસ્કૃત ભાષામાં ઉદાત્ત અભીપ્સાઓ પ્રગટ કરવાની જન્મજાત ક્ષમતા છે. પણ તે વિદ્વાન બ્રાહ્મણો અને ક્ષત્રિયોની ભાષા રહી ગઈ.

પાલિને અધ્યાત્મનું માધ્યમ બનાવવામાં ગૌતમબુદ્ધનો ફાળો મહત્ત્વનો છે. તે

ભાષાનાં ગ્રંથોનાં લેખકો પણ સમાજનાં બધાં જ સ્તરનાં હતાં. આ પદ્ધતિ અન્ય ભાષાઓમાં પણ ચાલુ રહી. તેના લેખકો સંતો, મહાત્માઓ અને સંસારી સજ્જનો પણ બની રહ્યાં. આ સાહિત્ય પણ જીવંત અને ઉચ્ચકોટીનું રહ્યું. વૈષ્ણવો, શૈવો અને શાક્તો આ સાહિત્ય-સર્જનમાં પ્રમુખ રહ્યાં. ભજન-કીર્તન, સપ્તાહો, આખ્યાનો, નાટકો, રામલીલા, કૃષ્ણલીલા વગેરે દ્વારા આ સાહિત્ય લોકભોગ્ય બનાવવામાં આવ્યું. આમાં મુખ્યત્ત્વે ભજનો, પ્રાદેશિક ભાષામાંનાં રામાયણો, ગીતા, મહાભારત, મહત્ત્વનાં રહ્યાં છે. સંતોમાં ગુજરાતમાં નરસિંહ મેહતા, રાજસ્થાનમાં મીરાબાઈ, મહારાષ્ટ્રમાં જ્ઞાનેશ્વર, તુકારામ, એકનાથ અને રામદાસ, તામિળમાં સંત તિરુવલ્લુવર, ઉત્તરપ્રદેશમાં સુરદાસ, તુલસીદાસ, પંજાબનાં નાનક, બંગાલમાં ચૈતન્ય, રામપ્રસાદ વગેરે મહત્ત્વનાં રહ્યાં છે.

આ પ્રાકૃતિક ભાષા સિવાયનાં કાલિદાસ, ભારવિ અને માઘનાં સંસ્કૃત કાવ્યો પણ નોંધપાત્ર છે. મુકુંદરામનું ચંડી પણ તેવું જ છે.

આ આધ્યાત્મિક સાહિત્ય સર્જનનો તબક્કો લગભગ ત્રણ હજાર વર્ષ સુધી અખંડ ચાલતો રહ્યો છે. આધ્યાત્મિકતાને સર્વોપરી મહત્ત્વ આપી સાંસારિક જવાબદારીઓ પણ ફગાવી દેવાનો તેમાં પ્રબળ આવેગ રહ્યો હતો. આવો આધ્યામિક પ્રભાવ ધર્મ, યોગ, સાહિત્ય, ચિત્રકળા, સ્થાપત્ય, શિલ્પમાં રહ્યો હતો.

ભારતે આ પ્રભાવને અન્ય વિજ્ઞાનો, કલાઓમાં પણ વિસ્તારી ફરી ભારતને અધ્યાત્મનાં મૂળ ઊર્જા-સ્રોત સાથે જોડી દેવાનો સમય પાકી ગયો છે.

કેન્દ્રનાં પ્રકાશનો

૧ શ્રી સત્પ્રેમના On way to suppermanhoodમાં જણાવેલી શ્રી માતાજીની અનુભૂતિઓના આધારે વેદ, ઉપનિષદોના સહારે આગામી ઉત્ક્રાંતિની આંતરપ્રક્રિયાઓની સમજણ આપતો ગ્રંથ
'માનવતાની પેલેપાર' કિ. ૨૦૦/-

૨ શ્રી અરવિન્દનાં ઉપનિષદ ઉપર આધારિત
'શ્રી અરવિદોપનિષદ-સાર' કિ. ૬૦/-

૩ શ્રી અરવિન્દના રાષ્ટ્રીય કેળવણી વિષેના વિચારો ઉપર આધારિત
'રાષ્ટ્રિય કેળવણી' કિ. ૫૦/-

૪ **અતિમાનસ સાધના** (પૂર્ણયોગની સાધના વિષે - માતાજીના વિચારો) **કિ. ૫૦/-**

ચારે પુસ્તકના લેખક - **માનસિંહ ચાવડા**

તા. ૧.૬.૨૦૧૦થી તા.૧૫.૮.૨૦૧૦ સુધીમાં ઑર્ડર આપનારને ૩૦% વળતર આપવામાં આવશે.

યોગમાર્ગોનો સમન્વય

- શ્રી અરવિન્દ

પ્રકરણ - ૫ (ચાલુ)

ભૂમિકા - સમન્વય

સમજૂતી - માનસિંહ ચાવડા

પ્રકૃતિની બે ગતિ છે - ઊર્ધ્વગતિ અને નિમ્નગતિ, જેને આપણે પરા અને અપરા અથવા દિવ્ય અને અદિવ્ય-પ્રકૃતિ કહીએ છીએ. ખરેખર આવા ભેદ નથી જ પણ સમજવા ખાતર આપણે પાડીએ છીએ. દિવ્યતા સિવાય જગતમાં કાંઈ નથી. એ જ અંતિમ સત્ય છે. પ્રકૃતિની અવિકસિત, અજ્ઞાનમય, ભેદપૂર્ણ પ્રવૃત્તિને અપરાપ્રકૃતિ કહેવાય છે, જ્યારે જ્ઞાનમય ભેદરહિત પ્રકૃતિ પરાપ્રકૃતિ કહેવાય છે. તેમાં ભાગવત-ચેતના રહે છે. આને પ્રાપ્ત કરવાનાં બે પર્યાયો છે :

(૧) નિમ્નપ્રકૃતિને ત્યાગીને ઊર્ધ્વ પ્રકૃતિમાં જઈ ત્યાં સ્થિર થવું.

(૨) નિમ્નપ્રકૃતિનું રૂપાંતર કરી તેને પરાપ્રકૃતિનો ભાગ બનાવી દેવો.

પૂર્ણયોગ આ બન્ને પર્યાયને સ્વીકારે છે. સાધનાની શરૂઆતમાં નિમ્નપ્રકૃતિનો પરિત્યાગ કરી પરાપ્રકૃતિમાં સ્થિર થવું પડે છે. પછી તે ઊર્ધ્વપ્રકૃતિની શક્તિ સાથે નીચે ઊતરી અપરાપ્રકૃતિનું રૂપાંતર કરવાનું હોય છે.

બધા જ યોગમાર્ગ નિમ્નપ્રકૃતિના દેશમાં જ સાધનાની શરૂઆત કરે છે. તે નિમ્નપ્રકૃતિની એક પ્રવૃત્તિને લઈ તેને પ્રભુ તરફ વાળે છે. તે દિવ્ય થતાં જ સમગ્ર પ્રકૃતિમાં પણ તેનો પરિણામ થાય છે. આમ પ્રકૃતિનું રૂપાંતર એ જ યોગ છે.

સામાન્ય માણસ અને યોગીમાં આ જ તફાવત છે. સામાન્ય માણસ અહંકારપ્રધાન પ્રકૃતિમાં રહીને કાર્ય કરતો હોય છે અને તે ભેદજ્ઞાન સાથે જીવે છે, તેથી તેની પ્રકૃતિ બદલાતી નથી. જ્યારે યોગી પરાપ્રકૃતિમાં રહી પ્રભુ સાથે એકરૂપ બની તેમની શક્તિઓ દ્વારા અભેદજ્ઞાનમાં રહી નિમ્નપ્રકૃતિનું રૂપાંતર કરે છે.

આ બીજા કાર્ય માટે જ યોગ-સમન્વય જરૂરી છે. તેમાં આપણી તપસ્ શક્તિનો ઉપયોગ પ્રભુ પોતે જ કરતા હોય છે, તેથી તે જ યોગનો અધિષ્ઠાતા બને છે. તેના દબાણતળે નિમ્નપ્રકૃતિ રૂપાંતર પામે છે. તે માટે દિવ્ય-શક્તિઓ નિમ્નપ્રકૃતિમાં ઊતરી આવે છે અને શુદ્ધતા લાવે છે. નિમ્નપ્રકૃતિને પ્રકાશમય, વિશાળ અને પુરુષને અનુરૂપ તૈયાર કરે છે. અંતે, પ્રકૃતિ ઉપર પુરુષની સત્તા સ્થાપિત થાય છે. આમાં અહંકાર નમ્ર થઈને પ્રભુના કાર્યનો સાધક બને છે, નિમિત્ત બને છે.

આ પ્રક્રિયામાં ધીરજની ખૂબ જ જરૂર હોય છે, કારણ આનંદનો કાયમી સ્વરૂપનો

આવિર્ભાવ ફક્ત અંતિમ તબક્કામાં જ થાય છે.

આ પ્રક્રિયાની ત્રણ વિશિષ્ઠતાઓ છે :

૧ અન્ય યોગમાર્ગની જેમ આની નિશ્ચિત-ક્રમશઃ કાર્યપદ્ધતિ નથી, કારણ દરેકની પ્રકૃતિની ભિન્નતાને લીધે દરેકનો સાધના માર્ગ વિશિષ્ઠ સ્વરૂપનો જ બની રહે છે.

૨ દિવ્યપ્રકૃતિ નિમ્નપ્રકૃતિને જેવી છે તેવી જ સ્વીકારીને પોતાનું કામ શરૂ કરે છે. તેના દરેક ઘટકનું રૂપાંતર કરે છે. હાલમાં વિકૃત દેખાતું તત્ત્વ અંતે તો દિવ્ય-પ્રકૃતિનું જ વિકૃતરૂપ હોવાથી તેના દિવ્ય-સ્વરૂપને દિવ્ય-પ્રકૃતિમાં સ્થાન છે જ. દેવોએ આપણા પૂર્વજોને લોઢાને ઘડે તેમ ઘડ્યા છે એવો ઉલ્લેખ વેદોમાં છે તે અહીં બરાબર લાગુ પડે છે.

૩ દિવ્ય-પ્રકૃતિ સમગ્ર જીવનને જ યોગનું ક્ષેત્ર ગણે છે, તેમાંની દરેક વસ્તુનું પૂર્ણતામાં નિશ્ચિત સ્થાન હોય જ છે. પ્રભુ દિવ્ય કે અદિવ્ય પ્રકૃતિમાં સરખી જ પદ્ધતિથી કાર્ય કરે છે, પણ એકમાં તે ખૂબ જ ધીમી ગતિએ ચાલે છે, તો બીજામાં સવેગે ચાલે છે. તેનું કારણ એ છે કે અપરાપ્રકૃતિમાં વેરવિખેર અને આંતરિક વિખવાદવાળા ઘટકો છે જ્યારે પરાપ્રકૃતિમાં તેઓ સંઘટિત અને સુસંવાદમાં હોય છે, તેથી સમગ્રતાથી કામ કરે છે. આ જ ઘટના જેમ પદ્ધતિમાં જોવા મળે છે તેમ સિદ્ધિમાં પણ જણાય છે. આત્મતત્ત્વની એકતા ત્યાં બહુવિધતા દ્વારા પણ પ્રગટ થતી હોય છે. આવી સિદ્ધિ પણ પૂર્ણ હોવાથી તેની મુક્તિ પણ પૂર્ણ જ હોય છે. તે સાયુજ્ય, સાલોક્ય, સાધર્મ્ય અને અંતે સારુપ્યમુક્તિ પ્રાપ્ત કરે છે.

આને લીધે ત્રિવિધ - યોગ પદ્ધતિમાં પણ આપમેળે સમન્વય સધાય છે. અહંકારમાંથી મુક્તિ મળતાં જ એક અખંડ - અભેદ આત્મતત્ત્વનું જ્ઞાન થાય છે. આ જ્ઞાનયોગ છે. પ્રભુપ્રેમ દ્વારા આ અભેદ આત્મતત્ત્વ ભેદભાવયુક્ત વિવિધતા મારફત પણ અખંડ આત્મા તરીકે પ્રગટ થાય છે. આ ભક્તિયોગ છે અને દુન્યવી જગત છોડ્યા વગર પણ આપણા સ્વરૂપ દ્વારા પ્રભુને કાર્ય કરતા અનુભવી શકીએ છીએ - આ કર્મયોગ છે. આમ ત્રિવિધ યોગોનો સમન્વય થાય છે.

પૂર્ણશુદ્ધિ વગર પૂર્ણમુક્તિ શક્ય નથી. શુદ્ધિ બે રીતે કામ કરે છે :

૧ પ્રભુનું પૂર્ણ પ્રતિબિંબ શુદ્ધ ચિત્તમાં ઝીલાય છે.

૨ પ્રભુના સ્વભાવને આપણા કરણો પૂર્ણ રીતે જગતમાં પ્રગટ કરી શકે છે. આ પૂર્ણ પ્રાગટ્યમાં જ પૂર્ણાનંદ આવે છે.

આવી પૂર્ણતાના ત્રણ ફાયદા છે :

૧ બધાને પ્રભુસ્વરૂપે જ જોવાનો આનંદ મળે છે.

(પૃ.૩૬ ઉપર)

શ્રી માતાજીનું દિવ્યસ્વરૂપ

- શ્રી અરવિન્દ

હુમલાઓમાં શ્રી માતાજીની સહાય

બને છે એવું કે અવિદ્યાનાં બળો તમારી આસપાસ ઘેરો નાખે છે અને પછી એકસામટો હુમલો કરે છે. આવા હુમલાને તમે જ્યારે જ્યારે પાછો મારી હઠાવશો, તેને બહાર ફેંકી દેશો, ત્યારે ત્યારે તમારા આધારમાં એક ભાગ ચોખ્ખો બનતો જશે, તમારા મનમાં, પ્રાણમાં શરીરમાં કે પછી તમારા સ્વરૂપના આની નજીકના બીજા ભાગોમાં શ્રી માતાજી માટે તમે એક નવું ક્ષેત્ર સર કરતા જશો. વળી આવા ઘેરાઓ કે જે પહેલાં તમને એકદમ જમીનદોસ્ત કરી નાખતા હતા તેમની સામે તમે હવે એક મજબૂત સામનો કરી શકો છો એ હકીકત એ પણ બતાવી આપે છે કે તમારા પ્રાણની અંદર શ્રી માતજીનું જે સ્થાન રચાયેલું છે તે હવે વૃદ્ધિ પામી રહેલું છે.

આવા પ્રસંગોમાં તમે શ્રી માતજીના સાંનિધ્યને અથવા તો શક્તિને પુકાર કરવાની શક્તિ મેળવો. આવી મુશ્કેલીઓને પહોંચી વળવા માટે સારામાં સારો માર્ગ એ છે.

તમારે આ જે વાતચીત ચાલે છે તે તમારી અંદર તથા તમારી સાથે હમેશાં આવી રહેલાં શ્રી માતાજી સાથે ચાલે છે. એમાં ખરું ધ્યાન એ જ રાખવાનું કે તમે સાચી રીતે સાંભળો, કે જેથી બીજો કોઈ અવાજ અંદર વચ્ચે આવી ન જાય. - ૭.૧૨.૧૯૩૩

હુમલો ભલે ગમે તેટલો હોય અને તત્કાલ પૂરતો એ ભલે તમને કબજે કરી લેતો હોય તો પણ, તમે જો શ્રી માતાજી પ્રત્યે ખુલ્લા થવાની ટેવ પાડી હશે તો તે બહુ ઝડપથી પસાર થઈ જશે. તમે જો શાંત સ્થિર રહેશો અને શાંતિ પ્રત્યે તથા શક્તિ પ્રત્યે તમારી જાતને ખુલ્લી રાખશો તો એ શાંતિ પાછી આવી જશે. સત્યના કિંચિત્ અંશે પણ જો તમારી અંદર પોતાને પ્રગટ કર્યો હશે, તો પછી ખોટી વસ્તુઓ આવીને થોડોએક વખત સત્યના એ અંશને ઢાંકી લેશે તો પણ તે અંશ આકાશમાંના સૂર્યની માફક પાછો ફરીથી ઝળહળી ઊઠશે. એટલે તમે પૂરા વિશ્વાસપૂર્વક આગળ ધપ્યે જાઓ અને કદી નાહિંમત ન થશો. - ૧૪.૩.૧૯૩૨ - સાભાર પૃ.૮૦-૮૧

અરવિન્દોપનિષદ

- શ્રી અરવિંદ

સમજૂતી - માનસિંહ ચાવડા

પ્રકરણ-૨૬

અજ્ઞાનનું સ્વરૂપ અને નિવારણ

અજ્ઞાનં મૂલં એતસ્ય ભાવસ્ય। સાંત એવ અહમ્ ઈતિ અશક્તઃ, દુર્બલઃ, દુઃખી। મયા કર્તવ્યં, જ્ઞાતવ્યં લબ્ધવ્યં પ્રયાસેન, તપક્ષયેણ, મૃત્યુના । સ ત્વં એષઃ અહં । યત્વં ન તદ્ અહં । યત્તવ શુભં તન્મયાશુભં। યેન તવ લાભઃ તેન મમ હાનિઃ। ત્વામેવ હન્યાં સુખી ભવિષ્યામિ। નૈવ સાત્વિકો અહં, ત્વામેવ સુખિનં કરોમિ સ્વદુઃખેન, સ્વહાન્યા, સ્વમૃત્યુના। ઈત્યાદિ અજ્ઞાનસ્ય સ્વરૂપં મનસિ।

અહંકાર એવ બીજમ્। અહંકાર મોક્ષાત્ અજ્ઞાન મોક્ષઃ। અજ્ઞાન મોક્ષાત્ દુઃખાન્ મુચ્યતે । આનંદમયો અહં, સોહમ્, એકોઅહં અનંતો અહમ્ ઈતિ વિજ્ઞાય આનંદમયો ભવતિ, આનંદો ભવતિ।

આવા વિચારોનું મૂળ અજ્ઞાન જ છે.

હું વિનાશી અને સીમિત છું, તેથી અશક્ત, દુર્બળ અને દુઃખી છું. મારે પ્રયત્નપૂર્વક કામ કરવું પડશે, જાણવું પડશે, મેળવવું પડશે. તે પણ શક્તિક્ષય કરીને અને પરિણામે મૃત્યુ પામીને. તે તું છે આ હું છું - જે તું છે તે હું નથી. જે તારા માટે સારું છે તે મારા માટે નુકસાનકારક. જે તારા માટે લાભદાયક તે મારા માટે હાનિકારક. તને મારીને જ હું સુખી થઈશ. હું કાંઈ સાત્ત્વિક નથી જેથી તને સુખી કરતો રહું - પોતાને દુઃખી કરીને, પોતાનો નાશ કરીને, પોતાનું મૃત્યુ વહોરીને; મનમાં આ પ્રકારે વિચાર આવવા એ જ અજ્ઞાનનું સ્વરૂપ છે.

આ અજ્ઞાનનું બીજ અહંકાર છે. અહંકારમાંથી છુટકારો એટલે અજ્ઞાનમાંથી પણ છુટકારો. અજ્ઞાનમાંથી મુક્તિ એટલે દુઃખમાંથી મુક્તિ. હું તો આનંદમય છું તે

(પ્રભુ) જ છું. હું એક પણ છું અનંત પણ છું, એવું બરાબર (નિઃશંક રીતે) જાણીને આપણે આનંદમય બની જવાનું છે. આનંદસ્વરૂપ જ બની જવાનું છે.

આનંદનો તામસિક અંશ ભોગવવા તામસી થવું એ ભાવ અને વિચારસરણી ખરેખર તો અજ્ઞાનમય જ છે. સાત્ત્વિકભાવમાં કે ગુણાતીત - અવસ્થામાં પણ શુદ્ધ - ભોગ, દિવ્ય-ભોગ લઈ શકાય જ છે. અજ્ઞાન ચેતનાને સંકુચિત કરી નાંખે છે, મર્યાદિત કરે છે. ચેતના પોતે અસીમ અને સર્વવ્યાપક હોવા છતાં તેની સીમારેખા દોરે છે અને એ રીતે સીમારેખાના બહારના પારકા અને સીમાની અંદરના મારા એવો ભાવ નિર્માણ કરે છે. 'પરાઃ મામકાઃચ' એવો ભેદ અનુભવે છે. આ સંકુચિતતાને કારણે જે સીમિત ચેતનાનો ભ્રમ પેદા થાય છે તેને જ અહંકાર અથવા 'અહમ્' કહે છે. અહંકાર સદા સંકુચિત અને સીમિત જ હોય છે. આ સીમિતતાને કારણે ચેતના પોતાનો સાચો મૂળ આનંદમય સ્વભાવ, સર્વશક્તિમત્તાનો ભાવ, સર્વજ્ઞતાનો ભાવ વ્યક્ત કરી શકતી નથી, તેથી તે ગુંગળાય છે. એ જ દુઃખનું કારણ છે. માતાજી જણાવે છે કે મુક્ત નિસર્ગમાં ઊડાઊડ કરતું અને આનંદ ભોગવતું ફૂદડું ભૂલેચૂકે કોઈ બંધિયાર ઓરડીમાં પુરાઈ જાય અને પછી ઊડાઊડ કરી આમ તેમ ભીંતો સાથે અફળાઈ દુઃખી થાય તેવી જ આ ચેતનાની સ્થિતિ હોય છે. મુક્ત પોપટ પાંજરે પુરાય અને દુઃખી થાય એવી આ વાત છે.

વૈદિક ઋષિઓ જણાવતા કે ચેતનાને પોતાની સ્વતંત્ર, મુક્ત અસીમતામાં જ આનંદ આવે છે. 'ભૂમા વૈ સુખમ્'. આપણે દુઃખી છીએ કારણ આપણે અહંકારની ભાવનાથી સંકુચિત, સીમિત બની ગયાં છીએ.

આવી અહંકારયુક્ત ચેતના અનુભવે છે કે તે કાંઈ કરી શકતો નથી, દુર્બળ છે, લાચાર છે, દુઃખી છે. આ દુઃખમાંથી મુક્ત થવા મારે કાંઈક કરવું પડશે, તે ઉપાયને પ્રાપ્ત કરવો પડશે, તે માટે કષ્ટ ભોગવી તપશ્ચર્યા અને અભ્યાસ કરવો પડશે; નહીં તો મારો સર્વનાશ થશે, હું નબળો પડતો જઈશ અને અંતે મૃત્યુ પામીશ - એક જંતુની જેમ ! વ્યવહારમાં તે અનુભવે છે કે પેલો મારાથી જુદો છે, પારકો છે, હું એટલે મારું આ કુટુંબ અને બાળકો જ. પારકા એ પારકા જ છે. મારા એ મારા જ છે. પારકાનો ફાયદો એ મારું નુકસાન બની જાય છે. પારકાને લાભ મળે તો મારે તો નુકસાની જ ભોગવવી પડે છે. આ પારકાઓને મહાત કરીને, ભાંગી નાખીને જ હું

મારો લાભ મેળવી સુખી થઈશ. હું કાંઈ વેદિયો કે સાત્ત્વિક સંન્યાસી નથી. મને મારા બાળકો, પત્ની છે. સંસાર લઈને બેઠો છું. વ્યવહારમાં તો તામસી જ બનવું પડે છે, તો જ ટકી રહેવાય છે. ભગતની જેમ ભાઈ તું સુખી થા. તારે માટે દુઃખ ભોગવવું મને કબૂલ છે, તારા માટે નુકસાની ભોગવવી પણ કબૂલ છે, અરે ! તારા સુખ માટે મને મૃત્યુ પણ કબૂલ છે; આવી ડાહીડાહી સુફિયાણી વાતો મારા કામની નથી.

અહંકારીનાં મનમાં આવા ભાવો રમતા હોય છે. આવા વિચારો મનમાં ઘર કરીને બેઠેલા હોય છે. આ જ અજ્ઞાન છે, આ જ અજ્ઞાનનું આપણને અનુભવાતું સ્વરૂપ છે.

આવા અજ્ઞાનનું મૂળ પેલો અહંકાર છે. તે જ બીજ છે. અહંકાર જો છૂટી જાય તો પોતાની મેળે અજ્ઞાન પણ નાશ પામે છે. થડ કપાઈ જાય તો ડાળીઓ કપાઈ જ જાય છે. આ અજ્ઞાન જતાં જ ચેતનાની સીમિતતા, સંકુચિતતા નષ્ટ થવા માંડે છે. તેની સીમાઓ ભૂંસાવા માંડે છે. તે અસીમ બની મૂળ સ્થિતિમાં આવવા માંડે છે. અને દુઃખનું મૂળ પેલો અહંકાર અને અજ્ઞાન અને તેને કારણે સર્જાએલી ચેતનાની સંકુચિતતા નષ્ટ થતાં જ દુઃખ પણ નષ્ટ થવા માંડે છે.

અને પછી સાચી મૂળ ચેતનાનો સ્વભાવ પ્રગટ થવા માંડે છે. તે અનુભવે છે કે તે તો સ્વભાવથી જ આનંદમય છે. તેને માટે આનંદ બહારથી લાવવાનો નથી. તે તેના સ્વભાવનો કાયમી ભાગ છે. તે આનંદમય ચેતના જ પોતે છે. સીમિત અહંકાર એ પોતે નથી. હું સમગ્ર બ્રહ્માંડમાં વ્યાપેલો છું. તેથી એક અને અખંડ જ છું, હું અસીમ છું, મને કોઈ અંત નથી, હું અનંત છું.

આ પ્રકારનો ભાવ સ્થાયી સ્વભાવ બની જવો એ જ વિજ્ઞાન છે. તેમાં અહંકારની મલિનતા નથી. આ શુદ્ધ વિમળ જ્ઞાન છે, તેથી જ તેને વિજ્ઞાન કહે છે. આવી સ્થિતિ પ્રાપ્ત થતાં જ ચેતના આનંદમય બની જાય છે, એ નિશ્ચિત. તેમાં કોઈ શંકા નથી.

(પુસ્તકાકારે પ્રકાશન થતાં લેખમાળા સમાપ્ત)

રાષ્ટ્રીય શિક્ષણ

- શ્રી અરવિન્દ

આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટી કેન્દ્ર

(રાષ્ટ્રીય કેળવણી - શ્રી અરવિંદ (પૃ.૫૧-૫૫)

અવતરણો - **પ્રકરણ - ૧૫**

સમજૂતી - માનસિંહ ચાવડા

૧ માણસોને પોતાના જીવન માટે જે પરિસ્થિતિ મળે છે તે તેમની ચેતનાની અવસ્થાના પરિણામે સર્જાએલી હોય છે..... કેળવણીથી આ ચેતનામાં ફેરફાર કર્યા વિના માત્ર પરિસ્થિતિમાં ફેરફાર કરવાનો પ્રયત્ન કરવો એ એક વ્યર્થ સ્વપ્ન છે, કેળવણી. પૃ.૫૧

૨ માનવ પરિસ્થિતિને સુધારવા માટેનાં આ પ્રયત્નોમાં હંમેશા બે પ્રકારનાં વલણો રહેલાં છે..... એક વલણ સામુદાયિક દિશા તરફનું છે.... બીજું... વ્યક્તિને એવી પરિસ્થિતિ મેળવી દેવી જોઈએ કે જેમાં તે પ્રગતિ કરી શકે. પૃ.૫૨

શ્રી અરવિન્દે પોતાની આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટી યોજના વિચારી હતી... એ .... માનવજાતિના ક્રમશઃ એકીકરણ માટે કાર્ય કરશે. પૃ.૫૨

૩ એ એકતાને ઉપરથી લાદીને..... નિપજાવી નહિ શકાય.... (દરેક રાષ્ટ્રનું) પોતે જે ભાગ ભજવવાનો હશે તે અનુસાર પોતાનું સ્થાન લેશે.પૃ.૫૨

૪ (બધાં રાષ્ટ્રોને) એક ઉચ્ચમાં ઉચ્ચ અને વિશાળમાં વિશાળ એવા એક કેન્દ્રસ્થ વિચારની આસપાસ એકત્ર કરવા જોઈશે. એ કેન્દ્રસ્થ વિચારમાં માનવજાતિનાં સર્વ વલણોને..... પોતપોતાનું સ્થાન મળી રહેશે. પૃ.૫૩

૫ પૃથ્વી ઉપરના જુદા જુદા પ્રદેશોની સંસ્કૃતિઓ અહીં ભેગી થશે. એ સંસ્કૃતિઓનાં બૌદ્ધિકતત્ત્વો, વિચારો, સિદ્ધાંતો, ભાષાઓ અહીં સહુને સુલભ થશે. પૃ.૫૩

૬ જે જે દેશની સંસ્કૃતિએ એક નિશ્ચિત પ્રકારનું સ્વરૂપ લીધેલું હશે, તેને પોતપોતાનો એક (કાયમી) શિબિર આપવામાં આવશે..... તેમાં એ દેશનો સર્વ જીવન - વ્યવહાર ઉત્તમમાં ઉત્તમ રીતે રજૂ થએલો હશે..... તેની અંદર એક જ રાષ્ટ્રના વિદ્યાર્થીઓને રહેવાની સગવડ મળશે. પૃ.૫૪

૭ વ્યક્તિને જેવો અંતરાત્મા હોય છે તેવી રીતે પ્રત્યેક રાષ્ટ્રને પણ તેનો અંતરાત્મા હોય છે. પૃ.૫૫

૮ હિંદના આ (રાષ્ટ્રના) અંતરાત્માને..... એક દેવતાનું રૂપ આપવામાં આવ્યું છે..... લોકો તેને ભારતમાતાનાં નામથી સંબોધે છે. પૃ.૫૫

માનવોને એમ લાગે છે કે તેઓની બાહ્ય પરિસ્થિતિ સુધરતાં જ તેઓ સુખી થશે. પણ સાચી વાસ્તવિકતા એ છે કે દરેકને પોતાની ચેતનાના વલણ અનુસારની પરિસ્થિતિ આપેલી હોય છે. સારાંશ ચેતનાનો તબક્કો બદલશો તો બાહ્ય સ્થિતિ બદલાવા માંડશે.

જે લોકોએ બાહ્ય પરિસ્થિતિ બદલવા કોઈ ઉપાય શોધવાનો પ્રયત્ન કરેલ છે તેઓને અચૂક પોતાની હાલની ચેતનામાંથી ઉપર ઊઠીને જ તે વિચારો મળેલાં છે. પણ તેઓ ફરી પોતાની મૂળ - ચેતનામાં જ આવી જવાથી તેમના વિચારો અંતે વ્યવહારમાં નિરુપયોગી જણાયા છે, તેથી ચેતનામાં ફેરફાર કર્યા સિવાય સ્થાયી બાહ્ય ફેરફાર થવો શક્ય નથી.

બાહ્ય પરિસ્થિતિ બદલવા માટે બે પરસ્પરવિરોધી વિચારો સામસામે આવી ગયાં છે. શું સમગ્ર માનવજાતને પાસે લાવી સાર્વજનિક સુધારા કરવા અથવા વ્યકિતને સુધારવી જેથી તે ધીમે ધીમે સમાજને સુધારતો જાય અને અંતે સમગ્ર સમાજ બદલાઈ જાય !

ખરેખર આ વિચારો પરસ્પરવિરોધી નથી પણ પૂરક છે. વ્યક્તિ અને સમાજની પ્રગતિ કાયમ એકબીજાને પૂરક બનવા પ્રયત્ન કરતી હોય છે. એકબીજાને મદદરૂપ થાય છે.

આ બન્ને પ્રકારની પ્રગતિને સમન્વયાત્મક રીતે વાપરવા શ્રી અરવિન્દે આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટી યોજના આગળ લાવી છે. તે યોજનાનો મૂળ આધાર આધ્યાત્મિક વાસ્તવિકતા છે. દરેક રાષ્ટ્રને પોતાની વિશિષ્ટ - ચેતના હોય છે જે તેના ભૂતકાળની સંસ્કૃતિ, સમાજરચના, ધર્મ, વિજ્ઞાન, કલા વગેરેના સામૂહિક પરિણામ સ્વરૂપે ઘડાએલી હોય છે. આ બધાંનો યોગ્ય સમન્વય જ પરમ-ચેતનાને ભૌતિક સ્તરે પ્રગટ થવા મદદરૂપ થશે.

તે માટે નીચેનું આયોજન કરેલ છે. એક આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટી સ્થાપવી. તેમાં દરેક દેશની સંસ્કૃતિનાં તજ્જ્ઞો અને વિદ્યાર્થીઓ માટે અલગ અલગ વિભાગો હશે. તેમનાં પોતાનાં સ્વતંત્ર વાચનાલય, શિક્ષણ-વ્યવસ્થા, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને તેમને જરૂરી સગવડતા માટે હૉસ્ટેલો, ક્રીડાંગણો, વ્યાયામશાળા વગેરે હશે. તેમને તેમની માતૃભાષામાં શિક્ષણ અપાશે. તેમને સાથેસાથે અન્ય સંસ્કૃતિઓનો પણ અભ્યાસ

કરાવશે. તેમાં સમન્વય કરતાં શીખવાશે. અલગ અલગ વિભાગો આ રીતે સહકારથી કામ કરશે. તેમને એ પણ શીખવવામાં આવશે કે અન્ય સંસ્કૃતિમાંથી લેવા જેવું શું છે અને તેનો પોતાની સંસ્કૃતિમાં કેવી રીતે સમાવેશ કરી શકાય છે.

આથી વ્યક્તિનો નૈસર્ગિક વિકાસ તો થશે પણ વિશ્વમાનવ પણ તૈયાર થશે.

દરેક રાષ્ટ્ર પરમ-ચેતનાના કયા પાસાનું પ્રતિનિધિ છે તે દરેક રાષ્ટ્રના અંતરાત્માને શોધીને જ નિર્ણય લેવાશે. રાષ્ટ્રની સામૂહિક - ચેતનામાંથી આ અંતરાત્મા કાર્ય કરતો હોય છે તેમ જ રાષ્ટ્રની પ્રગતિનું આયોજન તેનાં રાષ્ટ્રનો અંતરાત્મા કરતો હોય છે. આ અંતરાત્માની શોધ કરીને જ તે રાષ્ટ્રનું નિયત કાર્ય અને સ્થાન નક્કી કરાશે.

જેમ ભારત દેશનાં અંતરાત્માને આપણે 'ભારતમાતા' કહી તેનો આદર કરીએ છીએ, તેમ બધાં રાષ્ટ્રોનાં બાળકોને તેમનાં રાષ્ટ્રનાં અંતરાત્માસ્વરૂપ દેવને આદર કરતા શીખવવામાં આવશે.

આપણો ભારતનો અંતરાત્મા આધ્યાત્મિક જ્ઞાન માટે બંધાએલો છે, તો આપણું આંતરરાષ્ટ્રીય કાર્ય આધ્યાત્મિક જ્ઞાન આપવાનું રહેશે. આમ દરેક દેશનું પોતાનું ભવિતવ્ય નિશ્ચિત છે. તેણે તે જ કામ ઉપાડી લેવાનું રહેશે.

આ રીતે 'વિશ્વમાનવ'ને તૈયાર કરવાની આ યોજના છે.

રાષ્ટ્રીય-શિક્ષણ માટે જે સમસ્યાઓ છે, તેનું નિરાકરણ આ રીતે આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટી યોજનામાં રહેલું છે. (લેખમાળા સમાપ્ત)

(પૃ.૨૯ ઉપરથી)

યોગમાર્ગોનો સમન્વય

૨ પ્રભુનો પોતાનો અભેદ સ્વરૂપનો આનંદ પોતાની મેળે ચિત્તમાં પ્રગટ થતો હોય છે.

૩ આનો ફાયદો સમગ્ર માનવજાતને મળે છે. માનવોને સર્વાંગીપૂર્ણતા મેળવવામાં તે મદદરૂપ થાય છે. જીવનને સત્યમ-શિવમ્-સુંદરમ્ બનાવે છે.

પૂર્ણયોગથી આ બધું સિદ્ધ થાય છે.

પૂર્ણતામાં મન, પ્રાણ, શરીર પણ સહભાગી થાય છે. તેમાં રાજયોગ અને હૃદયયોગની સિદ્ધિઓ પણ આવી જાય છે. આમાં પ્રકૃતિનાં ત્રિવિધ પગલાંનો પણ સમન્વય સધાય છે. આ પૂર્ણતા વ્યક્તિમાં જ નહીં પણ સમાજમાં પણ મેળવવાની છે.

આજે સમાજના માનસિક અને નૈતિક જીવનનો વિકાસ કરવા ઘણા પ્રયત્નો થઈ રહ્યાં છે. તેની સાથે આધ્યાત્મિક વિકાસને જોડી દેવાય તો તે સોનામાં સુગંધ કહેવાશે. આથી બધા જ ધર્મોનું લક્ષ્ય પૃથ્વી ઉપર સ્વર્ગ ઊતારી લાવવાનું પણ શક્ય બનશે.

આ પૂર્ણતા પ્રાપ્ત કરવાનું દબાણ ઉત્ક્રાંતિ કરી જ રહી છે.

સુંદર કથાઓ
- માતાજી

સમજૂતી - માનસિંહ ચાવડા

સાચા દિલની કિંમત

(પેજ - ૮૮-૮૯)

યુદ્ધનો પ્રસંગ ઊભો થયો. મહમંદ પયગંબર પાસે તેની તૈયારી કરવા પૈસા નહોતા. તેમણે પોતાના ભક્તોને કહ્યું, ''તેમને જે શક્ય હોય તે આ અલ્લાહનાં કામ માટે આપે.''

કોઈએ પોતાની સંપત્તિનો ચોથોભાગ આપ્યો, કોઇ એ ત્રીજો, કોઇએ બીજો. અબુબકરે સમસ્ત સંપત્તિ અર્પણ કરી દીધી.

પયગંબરે તેમાંથી સૈનિકો તૈયાર કર્યાં, ઘોડા ને ખચ્ચર, ઊંટ અને સરંજામ ખરીધો. હથિયારો ખરીદ્યાં, ત્યાં એક ઘરડી ગરીબ બાઇ લાકડીનાં ટેકે તેમના ઘેર આવી. તે લાંબું અંતર કાપી પગપાળા આવી હતી, કારણ ઊંટ ભાડે રાખવા તેની પાસે પૈસા જ નહોતા. તે બોલી-

'પયગંબરસાહેબ, મેં બે દિવસ ભૂખ તરસ વેઠી પગપાળા ચાલી આટલું બચાવ્યું છે.' તેણે ત્રણ ખારેક અને એક સુકાએલી રોટલી આપી. મહમંદે તે પ્રેમથી સ્વીકારી. પયગંબરના ભક્તો તેની ભેટ જોઈ હસવા લાગ્યાં. પેલી ઘરડીની મશ્કરી કરવા લાગ્યાં. પયગંબર ગંભીર બની ગયાં, પણ કાંઈ બોલ્યા નહિ.

બીજા દિવસે તેમણે ભકતોને કહ્યું, ''રાત્રે મને એક સપનું આવ્યું. અલ્લાહે એ બધાંની ભેટો ત્રાજવામાં તોળવાની ફિરસ્તાને આજ્ઞા કરી. અંતે ફિરસ્તાએ બધાંની ભેટો એક પલ્લામાં અને પેલી ડોસીની ભેટ બીજાં પલ્લામાં મૂકી તો ત્રાજવાનાં બન્ને પલ્લામાં સરખા રહ્યાં

સાચા દિલથી આપેલી ભેટનું મૂલ્ય બજારભાવે ન મૂલવવું જોઈએ. અલ્લાહનાં દરબારમાંનાં ત્રાજવાં ભાવનાના તોલે તોલાય છે.

શું કોઇ ભકતને આપણે નબળો કે અણસમજુ ગણવો જોઈએ?

આગામી - ભાવિ

(શ્રી અરવિંદ સોસાયટીના ઈ-મેગેઝીન મેનાં ૨૦૧૦ના Next Futureનો સાર - સાભાર)

પ્રભુ આપણા ઉત્તમ મિત્ર

ઉત્તમ મિત્રની વાત કરતા એ પ્રશ્ન નિર્માણ થયો કે ઉત્તમ મિત્રે કયો ભાગ ભજવવો જોઈએ અને તેની પાસેથી આપણી શું અપેક્ષા હોય છે ?

દરેકની એવી ઇચ્છા હોય છે કે તે કોઇને ઉત્કટતાથી ચાહે અને તેવી જ ઉત્કટતા સામાવાળો પણ આપણા માટે અનુભવે છે. આવા મિત્રોના સમૂહની મદદ હોય તો તેને માટે જગતનું અસ્તિત્વ જ રહેતું નથી.

ઉત્કટ હિતેચ્છુ, શબ્દને પાળનાર, બિનશરતી પ્રેમ કરનાર આવી વસ્તુઓની તો આપણે આપણા જીવન-સાથી પાસેથી પણ અપેક્ષા રાખતા નથી, પણ ઉત્તમ મિત્રની કલ્પનામાં આનો સમાવેશ કરીએ છીએ. આપત્તિમાં આવી વ્યક્તિના આધારની આપણે અપેક્ષા રાખીએ છીએ, જ્યાં મન ખુલ્લું કરી શકાય અને આપણી અવઢવ અવસ્થામાં સાચી સલાહ સ્પષ્ટ શબ્દોમાં જણાવે, ભલે તે આપણી અપેક્ષા મુજબની ન હોય ! આવા મિત્રમાં એવી ક્ષમતા હોય છે જે આપણી દુઃખતી રગમાં રાહત આપે છે, આપત્તિના ધોધમાર વરસાદ વચ્ચે પણ રાહતનો સૂર્ય પ્રકાશ પાથરે છે અને જીવનને ફરી ઉમંગથી જીવવાની શક્યતા નિર્માણ કરે છે.

કોઈ કહે કે આવો ઉત્તમ મિત્ર મળવો મુશ્કેલ છે, કારણ ઈશ્વર સિવાય આવો ઉત્તમ મિત્ર અન્ય મળવો શક્ય નથી.

ઉપનિષદોનું અમૃત

- માનસિંહ ચાવડા

અભયદાન

પ્રકરણ -૧૮ (બૃહ્દારણ્યક ૨-૪))

એક વખત જનક વિદેહીનાં મહેલમાં યાજ્ઞવલ્કય આવી પહોંચ્યા. તે વખતે રાજા જનક સુખાસન ઉપર બેઠા હતાં. ઊભા થઈ તેમણે યાજ્ઞવલ્કયનો સત્કાર કર્યો.

''પ્રભુ, આપ મને ઉપદેશ આપો''

''રાજન્, આપ ઉપનિષદો મુજબ જ સાધના કરો છો, વેદોનાં અભ્યાસુ છો. વિધિવત્ વેદાધ્યયન આપે કરેલ છે. તો મારા પ્રશ્નનો વિચાર કરીને જવાબ આપો.''

''શરીર છોડીને તમે ક્યાં જશો?''

''ભગવન્, હું જાણતો નથી.''

''તો રાજન્, એ જ જાણી લો.''

''જમણી આંખમાં જે પુરુષ દેખાય છે તેને 'ઈન્ધ' કહે છે, તેને સાંકિતિક રીતે 'ઈન્દ્ર'' પણ કહે છે, એમ ઐતરેયોપનિષદ જણાવે છે. કારણ દેવો ગૂઢ ભાષા જ બોલે છે. જમણી આંખ એટલે પિંગલા નાડી. તેમાં વહેતો પ્રાણ એ જ ઈન્દ્ર છે એવો આ સંકેત છે.'' યાજ્ઞવલ્કય આગળ જણાવે છે :

''ડાબી આંખમાં જે પુરુષ દેખાય છે તે વિરાટ છે, ભૂમા છે. અર્થાત્ ભૂમિ છે, પૃથ્વી છે. ડાબી આંખ એટલે ઈડા નાડી. તેમાં વહેતો અપાન વાયુ એ જ પાર્થિવ તત્ત્વ નિર્માણ કરે છે. વિરાટ એ ઈન્દ્રની પત્ની છે અર્થાત્ પ્રાણ અને અપાન આ જોડકું છે. હૃદયમાંનાં ચિદાકાશમાં તેમનું મિલન થાય છે. તેમાંથી જે ત્રણ શરીરધારી ચેતના જન્મે છે, તે જ વૈશ્વાનર, તેજસ પ્રાજ્ઞ તરીકે ઓળખાય છે. શરીર એટલે કારણ, સૂક્ષ્મ અને સ્થૂળ શરીર. ઉપર જે બે દેવો કહ્યા છે તે પ્રાણ અને અપાન અર્થાત્ ઈન્દ્ર અને પૃથ્વી જ છે.

સારાંશ ઈન્દ્ર અને તેની પત્ની પૃથ્વી એટલે જ પુરુષ અને પ્રકૃતિ. તેમના સંયોગથી સજીવ પ્રાણીઓ રચાયાં. તેમની જાગૃત અવસ્થામાં પ્રગટ થતી ચેતના એટલે વૈશ્વાનર. સ્વપ્નાવસ્થામાં પ્રગટ થતી ચેતના એટલે તેજસ. સુષુપ્તિમાં પ્રગટ થતી ચેતના એટલે પ્રાજ્ઞ.

આ બધાંથી જે પર છે તુરીય અવસ્થામાં પ્રગટ થાય છે તે જ ઈન્દ્ર છે, તે જ બ્રહ્મતત્ત્વ છે. તેને જાણીશ તો અભયપદ પ્રાપ્ત કરીશ.

આત્મજ્ઞાન જ અભયતા આપે છે, તેથી રાજન્, સ્થૂળ, સૂક્ષ્મ, કારણ શરીરને વટાવી

વિદેહ અવસ્થામાં પ્રવેશ કર. ત્યાં જ તને ઈન્દ્રરૂપી આત્મા મળશે. આત્મા મૃત્યુ પછી આ જ રીતે ગતિ કરતોકરતો અંતે અભયપદને પ્રાપ્ત કરે છે. તેમાં જ પછીના જન્મ સુધી રહે છે.

આવો જ ત્રીજો પ્રસંગ છે. જનકરાજા યાજ્ઞવલ્કયને પૂછે છે : આત્મામાંથી નીકળતી આત્મપ્રભા શું છે? અને તેનો ઉપયોગ શો છે?

''સૂર્યનો પ્રકાશ જ આત્માનો પ્રકાશ છે. તે પ્રકાશને કારણે જ વ્યક્તિ ચાલીબોલી શકે છે.''

''પણ રાત્રે?''

''રાત્રે ચંદ્રનો પ્રકાશ જ તેવું કામ કરે છે.''

''જ્યારે સૂર્ય, ચંદ્ર પણ ન હોય ત્યારે?''

''ત્યારે અગ્નિનો પ્રકાશ આત્મપ્રભા બની જાય છે. જ્યારે અગ્નિ પણ શમી જાય ત્યારે?''

''ત્યારે વાક્નો પ્રકાશ જ આત્માપ્રભા બને છે.''

''વાક્ પણ ન હોય ત્યારે?''

''ત્યારે આત્માની આત્મપ્રભા સ્વયં કાર્ય કરતી હોય છે. તે જ મૂળભૂત પ્રકાશ છે. તેનું તેજ જ સૂર્ય, ચંદ્ર, અગ્નિ અને વાણીની તેજસ્વિતા બને છે.''

આ ગૂઢ સંવાદનું રહસ્ય એ છે કે પંચપ્રાણ શરીરને ચેતનવંતા કરતા હોય છે. તેમનાં પ્રતીકો એટલે જ સૂર્ય, ચંદ્ર, અગ્નિ, વાક્, આત્મા છે. પ્રાણ સૂર્ય છે, અપાન ચંદ્ર છે. અગ્નિ વ્યાન છે, વાક્ ઉદાન છે. સમાન આત્મા પોતે છે; આ પંચપ્રાણ થકી જ દેહ જીવન જીવે છે. પ્રાણ (અર્ઘ) ચૈતસિક જીવન, અપાન (ચંદ્ર) માનસિક જીવન, વ્યાન (અગ્નિ) ભૌતિક જીવન, વાક્ (વિજ્ઞાન) વિજ્ઞાનમય જીવન અને ઈન્દ્ર (આત્મા) આનંદમય જીવન રચે છે.

શ્રી માતાજીનો પ્રકાશ

પ્રકાશ એ એક સર્વસામાન્ય શબ્દ છે. પ્રકાશ એ જ્ઞાન નથી. પરંતુ ઉપરની દિશામાંથી આવતું અને માણસને અજ્ઞાન અને અંધકારમાંથી મુક્ત કરી આપતું એક તેજ છે.

પણ આ પ્રકાશ જુદાં જુદાં રૂપો પણ ધારણ કરે છે. જેમકે, શ્રી માતાજીનો ધવલ પ્રકાશ, શ્રી અરવિન્દનો ફિક્કો વાદળી પ્રકાશ, સત્યનો સોનેરી પ્રકાશ, ચૈત્ય પુરુષનો પ્રકાશ (રતુમડો અને ગુલાબી), ઈ.ઈ. - ૧૩.૧૦.૧૯૩૪

વેદવિજ્ઞાન
- માનસિંહ ચાવડા

વૈદિક કર્મકાંડ
કર્મકાંડનો સાચો અર્થ
(પ્રકરણ-૪)

વેદવિજ્ઞાનમાં કર્મકાંડ વિષે પણ સાચી સમજણ મેળવવી જરૂરી છે. આજના વિજ્ઞાનના પ્રભાવથી અને તર્કશક્તિથી સુસજ્જ માનવને કર્મકાંડ શબ્દ પ્રત્યે જ સૂગ છે. તો ઘણી વ્યકિતઓ પોતાને આધુનિક કહેવરાવવા કર્મકાંડ ઉપર જાહેર ટીકા કરતાં પણ જોવા મળે છે.

ખરેખર કર્મકાંડ છે શું ? શું તે આજના યુગ માટે જરૂરી છે ? આ પ્રશ્નોનો વિવેકપૂર્ણ વિચાર કરી લેવો જરૂરી છે. ભારતીય સંસ્કૃતિનાં પાયા આ પુસ્તકમાં શ્રી અરવિન્દ જણાવે છે કે ધાર્મિક ક્રિયાઓ એ અનિવાર્યપણે ચેતનાનું અધઃપતન હોતું નથી. એ ક્રિયા જો તો તે યોગનો જ ભાગ બની જાય છે.

વેદોમાં કર્મ નો અર્થ છે ચેતનાએ પોતાની અભિવ્યકિત માટે કરેલો સક્રિય પ્રયત્ન. પ્રથમ તે જ્ઞાન અર્થાત્ વિચાર તરીકે મનમાં પ્રગટ થાય છે, પછી ઈચ્છા તરીકે ચિત્તમાં પ્રગટ થાય છે અને અંતે કૃતિ તરીકે શરીર દ્વારા. આ ત્રણેનો સમાવેશ કર્મમાં થાય છે. જ્ઞાન, ઈચ્છા અને કૃતિ આ ચેતનાનાં એકથી એક વધારે સંકુલ તબક્કા છે. પ્રથમનો બીજામાં અને પ્રથમ બન્નેનો ત્રીજામાં સમાવેશ થઇ જતો હોય છે. ગીતા આ અર્થમાં જ જણાવે છે કે વ્યકિત કર્મ વગર ક્ષણમાત્ર પણ રહી શકતી નથી. ત્રણે તબક્કા કર્મધારામાં આવી જાય છે. પણ તે ।રા પ્રથમ તબક્કે, પ્રથમ બે તબક્કે અટકી પણ પડવાનો સંભવ હોય છે.

જે વ્યકિત કર્મકાંડનો જાહેર નિષેધ કરે છે તે પણ પોતાની અભીપ્સાની અને સમર્પણભાવની અભિવ્યકિત માટે નિશ્ચિત અભિવ્યકિતનું સ્વરૂપ નક્કી કરીને રોજ તેને અનુસરતો જ હોય છે. તેની પ્રાર્થનાના શબ્દો નિશ્ચિત હોય છે. આરાધનામાં વપરાતા ભાવો નિશ્ચિત હોય છે. તફાવત એટલો જ કે તેના ભાવો જીવંત અને અભિવ્યકિત જીવંત હોવાથી તેને તે કર્મકાંડ લાગતું નથી.

કર્મકાંડ જ્યાં સુધી આપણી અભીપ્સા અને સમર્પણભાવના, પ્રાર્થનાના જીવંત શબ્દો, ભાવો કે કર્મો બની રહે છે ત્યાર સુધી તે તેને બોજારૂપ લાગતા નથી, પણ અન્ય માટે તે 'કર્મકાંડ' જ હોય છે.

મૃત અભિવ્યકિતઓ અને કાલબાહ્ય વર્તન-પ્રકારો ત્યાજ્ય જ છે, એ બાબત સાચી જ છે.

મનુષ્યમાત્રને પોતાની અભીપ્સા અને સમર્પણભાવ વ્યક્ત કરવા કર્મનો ઉપયોગ કરવો (વિશાળ અર્થમાં જ તો) જરૂરી છે. કર્મ દ્વારા જ પૂર્ણતા પ્રાપ્ત થાય છે.

આ સત્ય સમજાશે તો કર્મકાંડ શબ્દ બાબતની સૂગ જતી રહેશે અને નિશ્ચિત અભિવ્યકિતના પ્રકારસ્વરૂપ કર્મકાંડ માન્ય થવા લાગશે.

આ પ્રકરણમાં આવી નિશ્ચિત અભિવ્યક્તિ સ્વરૂપ મંત્રો જે યજ્ઞક્રિયામાં વપરાતા હતા તેનો અભ્યાસ કરીને તે પાછળ રહેલા દિવ્ય-ભાવો સમજવનો આપણો પ્રયત્ન હશે.

અર્થાત્ આ ભાવો માટે હવે આપણી અભિવ્યકિતઓ જુદા જ પ્રકારની હશે, તેથી સમાજ અને કાળને અનુરૂપ જ કર્મક્રાંડ હશે દા.ત. શ્રીઅરવિન્દના દિવ્યાંશ (સમાધિ)ને આપણી વંદન કરવાની પદ્ધતિ એ આપણો કર્મકાંડ કહેવાશે. વેદોનાં પ્રતીકો જેમ કાલબાહ્ય થઇ ચૂક્યાં છે તેમ તેનું કર્મકાંડ પણ કાલબાહ્ય થઇ ચૂક્યું જ છે પણ તેમને નવા ઢાળ આપવાની જરૂર છે, કારણ વૈદિક પ્રતીકો અને મંત્રો જે તેમના અભીપ્સાની અભિવ્યક્તિસ્વરૂપ હતાં તે કાલબ્રાહ્ય થવા છતાં તેની પાછળ રહેલા દિવ્યભાવો એ કાંઇ કાલબાહ્ય થએલાં હોતા નથી, તે તો માનવોની સનાતન ધરોહર સ્વરૂપ છે અને માનવી અસ્તિત્વનું સત્ય છે.

આ દિવ્યભાવોની અભિવ્યકિતનાં વર્તનપ્રકારો એ જ તે વખતનું વૈદિક-કર્મકાંડ હતું.

કર્મ આપણા સંકલ્પને મજબૂત કરવામાં, પરિણામકારક કરવામાં મદદરૂપ થાય છે. આ જ તેનું યોગિક-સાચું કાર્ય છે. દા.ત. શ્રીઅરવિન્દ પોતાના કોઇ વિચારને મનમાંથી કાઢી નાખવા ત્રણ વખત માથુ શુણાવતા અથવા જમીન ઉપર પગ પછાડતા એવું મેં સાંભળ્યું છે. પગનું પછાડવું એ સંકલ્પને દૃઢતાથી વળગી રહીને સઘર્ષ કરવાના વિજયીભાવનો એક વર્તન-પ્રકાર છે અથવા માતાજી કોઇ વિચારમાંથી છુટકારો મેળવવા તેને કાગળ ઉપર લખી તેના ટુકડે ટુકડા કરીને ફેંકી દેતાં અને મનમાં ભાવ નિર્માણ કરતાં કે તે વિચાર નષ્ટ થઇ ચૂક્યો છે. આ પણ એક કર્મકાંડ જ છે. કર્મકાંડ એટલે વર્તનપ્રકાર. આવી રીતે વિવેકથી વર્તનપ્રકારોને સાધનામાં વાપરવા એ જ કર્મકાંડનો સાચો ઉપયોગ અને મહત્ત્વ છે. સમજ્યા વગર, ડરથી કે અંધશ્રદ્ધાથી કરેલાં વર્તનપ્રકારો તો વેઠ અને ભ્રમણામાત્ર છે. કાંડનો અર્થ તબક્કો એવો છે. દા.ત. રામાયણનાં બાલકાંડ વગેરે. કર્મ વિચાર-ભાવના-કૃતિ આ ત્રણ તબક્કા દ્વારા પ્રગટ થાય છે, તેથી દરેક તબક્કો તેનાં કાંડ જ છે. આપણે વિશેષતઃ વિચારો અને ભાવપ્રકારોનો અભ્યાસ કરવાના છીએ.

સર્વાંગી - આરોગ્ય

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

(Integral Healing પૃ.૩૬-૩૮)

અવતરણો

1 Small parts in one self that takes pleasure in being ill. P.36

2 It is not your consciousness that wants to be ill, it is some part of your body, a fragment of the vital that has gone astray and wishes to be ill. P.37

3 ..... this disharmony creates a kind of tremour and a lack of peace in the physical being, in the body. It is a kind of fever. P.36

4 ..... through the pressure of light and knowledge and spiritual force you re-establish the harmony, the proper functioning. P.36

5 Sometimes there is.... a bad will, you are more or less on strike..... you want the illness to have its consequences. P.37

6 ..... adverse forces..... really want to harm you. You may have opened the door through a spiritual error, through a movement of vanity, of anger, of hatred or of violence..... There are always germs watching and only waiting for an occasion. P.37

7 Then the first method is not quite enough..... you must add the Force of Spiritual Purification which is perfectly constructive force that nothing that is in the least distructive can survive init. P.37

8 You direct it on the spot and the adverse force..... runs away.... because if it happens to be in the midst of this Force it is dissolved. P37

9 You are cured of the disease once for all P.38

સમજૂતી - માનસિંહ ચાવડા

સમતુલાની પુનઃસ્થાપના

પ્રકરણ - ૫

હવે પ્રશ્ન એ છે કે આ રોગોને નિવારવા કેમ ? પેલા વિસંવાદને હઠાવવો કેવી રીતે ? સાધક બાહ્ય ઉપચારો કરે છે. લોકોમાં હળીમળી ઉદ્વેગને ભૂલવા માંગે છે. કાંઈક રસ પડે તેવી પ્રવૃત્તિ આદરે છે. દવા લે છે. ધાગાદોરા પણ કરે છે. તેથી કોઈક વખત યશ પણ મળે છે, પણ રોગનું મૂળ કારણ મટતું નથી. તેથી તે જ રોગ ઉથલો મારે છે અથવા બીજા સ્વરૂપે પ્રગટ થાય છે.

તેથી માંદા પડવાની સમગ્ર પ્રક્રિયા સમજી લેવી જરૂરી છે. માણસની શુદ્ધ ચેતના તો શરીરની નિરામયતા જ વાંછે છે. પણ તેના શરીરનાં કોઈ ભાગ અથવા પ્રાણમય સ્વરૂપમાંનો કોઈ અંશ માંદા પડવામાં રસ લે છે. તેને કારણે શરીરની ચારેકોર રહેલ બહારના સુરક્ષાચક્રમાં કાણાં પડી જાય છે અને જીવાણુઓ તે માર્ગે અંદર ધસી આવે છે.

આપણી ચેતનામાં જે વિસંવાદ નિર્માણ થાય છે તે સમગ્ર સ્વરૂપમાં એક કંપન કે ધ્રૂજારી તરીકે અનુભવાય છે. તેને કારણે શાંતિનો ભંગ થાય છે. અશાંતિ, અસ્વસ્થતા આપણા સ્વરૂપને ઘેરી વળે છે. આવી અસ્વસ્થતા સમગ્ર શરીરને બદલે એકાદા અવયવમાં પણ હોઈ શકે છે. તે અસ્વસ્થતા જ પછી ત્યાં તાવ તરીકે પ્રગટ થાય છે. આપણે આ વિસંવાદ ઉપર આધ્યાત્મિક પ્રકાશનું દબાણ લાવીને, તે ભાગમાં સભાનરીતે સાચા ભાવો ભરીને તેને ફરી સંવાદમાં મૂકી શકાય છે; તેથી તે અવયવ પોતાનું રાજિંદું કામ સરસ રીતે કરવા માંડે છે. તાવ ઊતરે છે, અસ્વસ્થતા અદૃશ્ય થઈ જાય છે, તમે સાજા થઈ જાઓ છો.

પણ આવા નાના પ્રસંગો જવલ્લે જ બને છે. ઘણી વખત અન્યોની દુર્ભાવના આવા પરિણામો કરે છે. તે આપણી ચેતનાને ઢાંકી દે છે. સંકલ્પને નબળો પાડે છે. આપણે માંદા પડશું એવી સંમતિ અપાય છે ! ખરેખર તો ચેતના કોઈ વખત પોતે માંદી પડવા ઇચ્છતી જ નથી, પણ તે વ્યક્તિના શરીરનો કોઈ ભાગ, પ્રાણમય સ્વરૂપનો ભાગ, ચેતના સાથેનો સંપર્ક ગુમાવીને આસુરી તત્ત્વોના પ્રભાવ નીચે વર્તવા માંડે છે. આવી ઘટનામાં વધારે ગૂંચવણો નિર્માણ થાય છે. આસુરી તત્ત્વો

ખરેખર આપણને હાનિ જ પહોંચાડવા માંગે છે. કોઈ આધ્યાત્મિક નબળાઈ, ખોટો દેખાડો કરવાનો ભાવ, ગુસ્સાનો પ્રસંગ, ઈર્ષા અને દ્વેષનો ભાવ, કોઈને હિંસાથી નુકસાન પહોંચાડવાની આંતરિકવૃત્તિ, આવી ઘટનાઓ આપણા સુરક્ષા-ચક્રને નબળું પાડી નાંખે છે. રોગજંતુઓ વાટ જ જોતાં હોય છે. તેમને પ્રવેશ મળી જાય છે. રોગ વકરે છે. તેથી પહેલાની રોગનિવારણ પદ્ધતિ પૂરતી થતી નથી. તેની સાથે વધારાની ક્રિયા પણ કરવી પડે છે. આપણે તેની સાથે શુદ્ધિકરણની આધ્યાત્મિક શક્તિને વાપરવાની છે. આ વિશુદ્ધિની શક્તિ સ્વયંપૂર્ણ છે, અપ્રતિરોધ્ય છે, કારણ તે આપણી ચેતનાને મૂળ દિવ્ય ચેતના સાથે જોડી દે છે. તેમાં રચનાત્મક ક્ષમતા અમર્યાદ હોય છે. તેની સામે વિનાશાત્મક બળો ટકી જ શકતાં નથી. આપણે તે શક્તિને પેલા રોગગ્રસ્ત ભાગ તરફ વાળવાની છે, ત્યાં એકાગ્ર કરવાની છે. તે સમગ્ર ભાગને તે પ્રકાશથી (હીરકપ્રકાશ જ વિશુદ્ધ શક્તિ છે) ઓતપ્રોત કરી નાંખવાનો છે. તેની હાજરીથી અદિવ્ય-બળો ઉચાળા લે છે. જો યદાકદાચિત તે આ દિવ્ય પ્રકાશથી ઘેરાઈ જાય તો તે ઓગળી નાશ પામે છે અથવા રૂપાંતર પામે છે.

આવી ઘટના થતાં જ તે વ્યક્તિ તે રોગમાંથી કાયમી મુક્તિ મેળવે છે.

(પૃ.૯ ઉપરથી)

માતૃવાણી

પ્રજ્ઞાક્ષમતા સક્રિય બનવા લાગે છે. મનની નિષ્ક્રિયતા તેની પાછળ રહેલી પ્રજ્ઞાનાં દર્શન કરવાની આપણને ક્ષમતા આપે છે.

માણસની ઉપરની બધી જ ત્રુટીઓથી જ્યારે ઉપર ઊઠીને જ્ઞાનાર્જન કરવાનો પ્રયત્ન કરે છે ત્યારે તેને એકાગ્ર થયા વગર ચાલતું નથી. તટસ્થા કેળવ્યા વગર ચાલતું નથી, તેથી પોતાની મેળે સહજપ્રજ્ઞાને પોતાને કાર્ય કરવાનું ક્ષેત્ર મળતાં તે સક્રિય બને છે. પ્રજ્ઞા પ્રકાશમય મનમાં જ કામ નિર્માણ કરવી જરૂરી છે, જે ઉપરની પ્રક્રિયાથી નિર્માણ થાય છે.

આવી પ્રકાશમય ચેતનામાં મનની ત્રુટીઓ તેની નિષ્ક્રિયતાને કારણે નિર્માણ થતી નથી અને ઈન્દ્રિયો અને બુદ્ધિ સમતા પ્રાપ્ત કરીને જ કામ કરવા ટેવાય છે, ત્યારે આંતર-પ્રેરણાનું માર્ગદર્શન મળવાની શરૂઆત થઈ જાય છે. તેણે લીધેલો નિર્ણય એ સાચો નિર્ણય હોય છે. તેને જ અનુસરવાની ટેવ પાડવી જરૂરી છે.

પાતંજલ અને પૂર્ણયોગમાં સામ્ય-ભેદ

મૂળ લેખક- આચાર્ય અભયદેવ

ભાવાનુવાદ - પ્રો. ડૉ. પુષ્પા ભટ્ટ

પ્રથમ સામ્યતા જોઈ જઈએ -

૧) પાતંજલ યોગ પદ્ધતિમાં જે આઠ-અંગો છે તેમાંથી પ્રથમ પાંચ બાહ્યાંગો છે જેમનાં નામ છે - યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર. તેના છેલ્લા ત્રણ અંતરગો છે ધારણા, ધ્યાન, સમાધિ. શ્રી અરવિન્દના પૂર્ણયોગમાં બાહ્યાંગોને બહુ મહત્ત્વ નથી, પણ તેને યોગ્ય સ્થાન યોગમાર્ગોના સમન્વયમાં આપેલું છે. યોગનાં બાહ્યાંગો આંતરિક સત્યની અભિવ્યકિત તરીકે રચાવા જોઈએ, એવો તેમનો આગહ છે તેથી જ પાતંજલ યોગમાં તપ, સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણિધાન જેને બાહ્ય ક્રિયાયોગ તરીકે ગણેલ છે શ્રી અરવિન્દ તેનું જ અંતરંગ સ્વીકારી અનુક્રમે પરિત્યાગ, અભીપ્સા અને સમર્પણને આંતરિક યોગપ્રક્રિયા તરીકે ગણાવી સ્વીકારે છે.

૨) પાતંજલ યોગ યોગ-શકિતને સ્વીકારતો નથી પણ પૂર્ણયોગમાં માતાજીની સહાય અનિવાર્ય ગણી છે. આ બાબતમાં પૂર્ણયોગ તંત્રમાર્ગ સાથે મેળ ખાય છે. જો કે વ્યક્તિગત પ્રકૃતિની શક્તિને પતંજલિએ સ્વામી શકિત (૨-૨૩) ચિતિ-શકિત (૨-૨૫) તરીકે ઓળખાવેલ છે અને તેનો વિકાસ મહત્ત્વનો ગણાવેલ છે.

૩) પૂર્ણયોગ ઈશ્વરને સમર્પણના ભાવને ખૂબ જ મહત્ત્વ આપે છે જયારે પતંજલિ તેને સમાધિ પ્રાપ્ત કરવાનો એક માર્ગ તરીકે સ્વીકારે છે

૪) પૂર્ણયોગમાં મનથી પર એવી અતિમાનસ શક્તિને પ્રાપ્ત કરવાની વાત આવે છે. પાતંજલ યોગમાં પુરુષપ્રકૃતિનું યથાર્થ જ્ઞાન મેળવવા જરૂરી વિવેક ખ્યાતિ મેળવવી એટલે જ પ્રજ્ઞાશકિત પ્રાપ્ત કરવી એવું જણાવેલ છે. આ પ્રજ્ઞાશક્તિનાં લક્ષણો અતિમનસ સાથે મળતાં આવે છે. બન્નેનું મુખ્ય લક્ષણ

સત્ય અને સર્વાંગપૂર્ણજ્ઞાન મેળવવાની ક્ષમતા જણાવેલ છે.

૫) શ્રી અરવિન્દના પૂર્ણયોગમાં પ્રકાશમય મનનો એક તબક્કો ગણાવેલ છે, જ્યારે પાતંજલ યોગમાં પ્રતિભાને પ્રજ્ઞાનાં સાત તબક્કામાંનો એક તબક્કો તરીકે ગણાવેલ છે. શબ્દાર્થ તરફ જોતાં પ્રકાશમય મન અને પ્રતિભામાં સામ્યતા પણ છે. મૂળ લેખકે આ બાબત શ્રી અરવિન્દને પૂછતાં તેમણે તે અતિમનસ અને પ્રજ્ઞાની એકરૂપતાની શક્યતા જણાવેલી હતી.

૬) શ્રી અરવિન્દ જે રૂપાંતરની વાત કરે છે તેવો જ ઉલ્લેખ પાતંજલ યોગસૂત્રોમાંના જાત્યંતર પરિણામઃ પ્રકૃત્યાપૂરણાત્ (૪.૨) આ સૂત્રમાં આવે છે. જાત્યંતર એટલે જ મનુષ્યજાતિનું રૂપાંતર અર્થાત્ અતિમાનવ યોનિનું સર્જન, પ્રકૃતિમાં પ્રજ્ઞાનો (અતિમનસ) પ્રકાશ પૂરવાથી અર્થાત્ તેમાં તે પ્રકાશનું અવતરણ કરવાની આ વાત છે. પ્રકૃત્યાપરાત્ (૪-૨)

આ વિવિધ સામ્યતાઓ છે છતાં જે તે બાબતનાં મહત્ત્વ બાબત ભેદ પણ છે. અન્ય ભેદો નીચે મુજબનાં છે :

૧) પતંજલિની યોગપદ્ધતિની હવે સંપૂર્ણ વિગતો ન મળવાથી તે હાલમાં લોકો માટે જીવંત યોગપ્રણાલી રહી નથી, જ્યારે શ્રી અરવિન્દની યોગપ્રણાલી જીવંત છે.

૨) પાતંજલ યોગ પ્રણાલીના અનેકવિધ અર્થઘટનો નિર્માણ થઇ તેમાં સંપ્રદાયો રચાયા છે. પૂર્ણયોગમાં હજી તેવું થયું નથી.

૩) પાતંજલ યોગપદ્ધતિ વિશેષતઃ મન સાથે સંબંધિત છે. મનને ઈન્દ્રિયોનો રાજા ગણેલો હોવાથી આને રાજયોગ કહે છે. પૂર્ણયોગ મનનો જ નથી પણ શરીર, પ્રાણ, મન અને તેના ઉપરના તત્ત્વનો પણ છે.

૪) પાતંજલ યોગ પદ્ધતિમાં સમગ્ર જીવનને યોગનું ક્ષેત્ર ગણેલ નથી. પૂર્ણયોગ સમગ્ર જીવન જ યોગનું ક્ષેત્ર છે એમ ગણે છે.

૫) પાતંજલ યોગસૂત્રમાં મનનો નિરોધ કરવાની વાત છે, પૂર્ણયોગમાં મનને દિવ્ય કરવાની વાત છે.

૬) પાતંજલયોગમાં સમાધિ સ્થિતિશીલ (Static) પ્રકારની છે. પૂર્ણયોગમાં તે

ક્રિયાશીલ (Dynamic) છે; જેને ગીતા 'સ્થિતપ્રજ્ઞ' કહે છે.

૭) પાતંજલયોગનું લક્ષ્ય છે કૈવલ્યપ્રાપ્તિ અર્થાત્ મોક્ષ, પૂર્ણયોગનું લક્ષ્ય છે. દિવ્ય-જીવનની પ્રાપ્તિ અર્થાત્ પ્રભુના પૂર્ણ આવિર્ભાવની જીવનમાં પ્રાપ્તિ.

૮) પાતંજલનું કૈવલ્ય એ વ્યકિતગત મોક્ષ છે. શ્રી અરવિન્દ સામૂહિક દિવ્ય-જીવનને નિર્માણ કરવા મથી રહ્યાં છે.

૯) પાતંજલયોગ વૈરાગ્યપ્રધાન છે, ત્યાગપ્રધાન છે. તે જીવનને ત્યાગવા મથે છે. શ્રી અરવિન્દનો યોગ જીવનને દિવ્ય કરવા મથે છે. તે જીવનને સ્વીકારે છે.

૧૦) પાતંજલયોગ જગતથી ફક્ત નિર્લેપ બનવાં જણાવે છે. શ્રી અરવિન્દ જગતને ઉત્ક્રાંત કરી પ્રભુનો આવિર્ભાવસ્વરૂપ કરવા મથે છે.

૧૧) પાતંજલયોગ ચૈત્યપુરુષના અસ્તિત્વને મહત્ત્વ આપતો નથી. શ્રી અરવિન્દના યોગમાં તે ચૈત્યપુરુષનું અગ્રભાગે આવી કાર્ય કરવું એ જ મહત્ત્વનું છે.

૧૨) પાતંજલયોગનું ધ્યાનકેન્દ્ર સર્વસાધારણ રીતે ભ્રૂમધ્ય ગણાય છે, જ્યારે પૂર્ણયોગમાં સાધકની પ્રકૃતિ અનુસાર હૃદય, ભ્રૂમધ્ય અને મસ્તકની ઉપર એમ ત્રણ ધ્યાનકેન્દ્રો માન્ય રખાયાં છે.

૧૩) આરોહણ અને અવતરણ આ પ્રક્રિયાનો ઉલ્લેખ પાતંજલ યોગમાં નથી તે તંત્રમાર્ગમાં છે. શ્રી અરવિન્દે આ ચેતનાની દ્વિવિધગતિ માન્ય રાખી છે.

૧૪) પાતંજલયોગમાં શરીર, મન અને પ્રાણનો સમન્વય કરી સાધના કરવાનો પ્રયત્ન જરૂર છે, પણ શ્રી અરવિન્દનો સમન્વય તેથી ઘણો વિશાળ છે; જે જ્ઞાન, ભકિત, કર્મયોગનો પણ સમન્વય કરે છે. ઉપરાંત વિજ્ઞાનયુગના ઉત્ક્રાંતિના સિદ્ધાંતનો પણ સમન્વય કરે છે. સાથેસાથે ભૌતિક અને સામાજિક વિકાસ અંતર્ગત વિવિધ ધર્મો અને સંસ્કૃતિનાં પ્રદાનને અને રાજકીય, વૈજ્ઞાનિક અને આર્થિક પ્રગતિને પણ યથાયોગ્ય સ્થાન આપે છે.

એકંદરે પૂર્ણયોગનું ક્ષેત્ર અને લક્ષ્ય વધારે વિશાળ છે.



શ્રી અરવિંદ

પરમેશઃ પરમેષ્ટીઃ પરંતત્વં તથૈવ ચ ।
તત્ - નિર્દેશ્યં ત્વમેવાસિ ઇતિ મે નિશ્ચિતા મતિઃ ॥

કૃષ્ણાવતાર

કૃષ્ણ ચૈત્યપુરુષ ગણ્યો, શરીર કેદે બંદિસ્ત,
પણ તેનું આકર્ષણ અતિ, તેથી કૃષ્ણ સ્વરૂપ.

આત્મધર્મની સ્થાપના, શુદ્ધ તત્ત્વોનો ઉદ્ધાર,
સ્વધર્મનો આગ્રહઅતિ, બ્રહ્મભૂત થવા પર ભાર.

અકર્મણ્યતાનો વિરોધ ને, વિશ્વાત્મામાં પ્રવેશ,
નૈષ્કર્મ્ય સિદ્ધિનો આદેશ ને, ધર્મસંકરનો નિષેધ.

યોગેશ્વરનો યોગ ગણ્યો, ઉપનિષદોનો સાર,
વેદોનો નિચોડ ગણ્યો, અધ્યાત્મનો નિર્ધાર.

સહજ-સત્સંગ

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ - ૫

લવાજમ : વાર્ષિક માતૃચરણે અર્પણ : રૂા. ૧૨૫.૦૦ વિદેશમાં ૮૦૦.૦૦

Registered with the registrar of Newspaper for INDIA

No. 07598/22 A.K. 9-T.C. Regd. No. GRJ-303 Valid upto Dec.-2011

DATE OF POSTING : 1st OF EVERY MONTH